# ઓન્ટેરિયોમાં નવાં આવનાર માટે

## શરૂઆતના દિવસોની માર્ગદર્શિકા

ઉદારતાપુર્વક મદદ કરનાર :

Citizenship and Immigration Canada

Citoyenneté et Immigration Canada

Ontario

© Ontario Council of Agencies Serving Immigrants 2008

First Days Guide - Gujarati

# અનુક્રમણિકા

પ્રસ્તાવના ....................................................................................1
ઓન્ટેરિયોમાં આવીને....................................................................... 3
રહેઠાણ............................................................................................ 6
સ્વાસ્થય...........................................................................................11
રોજગાર...........................................................................................16
શિક્ષણ............................................................................................. 20
પરદેશી વસવાટ અને નાગરિકતા...................................................... 22
કાનૂની સેવાઓ................................................................................. 24
સમાજ અને આનંદપ્રમોદ..................................................................26
ઉપભોકતા માહિતી........................................................................... 28

# ઓન્ટેરિયોમાં આપનું સ્વાગત છે!

નવા દેશમાં સ્થળાંતર કરવું મુશ્કેલભર્યુ હોઇ શકે છે. મિત્રો અને કેટલીકવાર કુટુંબને પાછળ છોડી જવાનું દુ:સહ્ય હોય છે. ઘણી બાબતો, તમે જે દેશને હાલમાં જ છોડયો છે એનાથી, અલગ હોઇ શકે છે. શાળા, સ્વાસ્થ્ય સંભાળ, નોકરીઓ અને કાયદો આ બધું તમે જ્યાંથી આવો છો એનાં કરતા ઘણું અલગ જણાઇ શકે છે. ઓન્ટેરિયોમાં તમારો રસ્તો શોધવામાં લાંબો સમય લાગી શકે છે, ખાસ કરીને કે જ્યારે તમારી પાસે યોગ્ય માહિતી ના હોય અને તમે જાણતા ના હો કે શું કરવું.

“પ્રારંભિક દિવસો” નવા આવનારા લોકો માટેની એક વેબસાઇટ Settlement.Org ના માણસો દ્વારા લખાયું હતું, જેઓ રોજેરોજ નવા આવનારા લોકોને ઠરીઠામ થવામાં મદદ કરે છે. નવા આવનારા લોકો પૂછે તેવા સૌથી અગત્યના સવાલોના એ જ્વાબ આપે છે અને ઓન્ટેરિયોને પોતાનું નવું ઘર બનાવવામાં તેમના પ્રારંભિક પગલાંમાં તેમને મદદ કરે છે.

“પ્રારંભિક દિવસો” તમને ઓન્ટેરિયોમાં તમારા પહેલાં બે અઠવાડિયાંમાં તમારે શું જાણવાની જરુર છે એ જણાવે છે. ઓન્ટેરિયોમાં જીવન જીવવા વિષેના તમારા બધા સવાલોનો જ્વાબ એ નહીં આપે. એ તમને શરુઆતના પગલાં માટે મદદરુપ થશે. બીજા પણ એવા પુષ્કળ સ્થળો છે જ્યાંથી તમે માહિતી મેળવી શકો છો, અને એ વિષે અમે તમને પછી જણાવીશું. જો તમારી પાસે કોમ્પ્યુટર અને ઇન્ટરનેટની સુવિધા હોય, તો અહીં તમે જે પણ કાંઇ વાંચો તેના વિષે અથવા તમને અન્ય કોઇ પણ સવાલો હોય એ વિષે વધુ માહિતી માટે Settlement.Org ની મુલાકાત લો.

આ માર્ગદર્શિકામાં પુષ્કળ માહિતી છે. કયાંથી શરુઆત કરવી એ જાણવું તમારા માટે મુશ્કેલ બની શકે. તમારો પુરતો સમય લો અને કાળજીપૂર્વક માર્ગદર્શિકા વાંચો અને ખાત્રી કરો કે તમારા માટે કઇ બાબતો અગત્યની છે અને કેવી રીતે આગળ વધવું.

કેટલાક લોકોને પહેલાંથી જ અહીં મિત્રો છે જેઓ તેમને કેટલાંક અગત્યનાં કામોમાં મદદ કરી શકે અને સમજાવી શકે કે કેનેડામાં અમુક બાબતો કેવી રીતે કામ કરે છે. આ ખરેખર મદદરુપ બની શકે છે, પરંતુ આમ છતાં આ બધી અગત્યની બાબતો તમે તમારી જાતે સમજ્યા છો એની ખાત્રી કરવા માટે પણ આ માર્ગદર્શિકા ચોકક્સપણે વાંચો. તમારા માટે રાહ જોવા માટે તમારો કોઇ મિત્ર ના પણ હોય, તેથી ઘણી બધી બાબતો તમારે જાતે કરવાની તમને જરુર પડશે. એવી પણ ઘણી બાબતો છે જે તમે ઓન્ટેરિયો આવતા પહેલાં કરી શકો છો જે તમને મદદરુપ થશે.

કેનેડામાં તમારા શરુઆતના અઠવાડિયાઓમાં તમારે ઘણી બાબતો હાથ ધરવાની છે. તમારે ઘણાં સરકારી ફોર્મ્સ ભરવાની જરુર પડશે. તમે ના સમજતા હો એવી ઘણી બાબતો મેળવવામાં આ ફોર્મ્સ તમને મદદ કરશે, જેમ કે તમારો SIN, OHIP, CCTB, વિગેરે. આ ફોર્મ્સ માટે તમારે ચૂકવણી કરવી પડતી નથી. ઘણી વાર તમે એમને ઇન્ટરનેટ પરથી ડાઉનલોડ કરી શકો છો. આ ફોર્મ્સ ભરવાની મદદ માટે તમારે ચૂકવણી કરવાની જરુર નથી. આ માટે તમે વસાહતી સંસ્થાઓ (સેટલમેન્ટ એજન્સીઓ) પાસેથી નિ:શુલ્ક મદદ મેળવી શકો છો. તેઓનો સંપર્ક કેવી રીતે કરવો એ તમે આ માર્ગદર્શિકામાંથી જાણી શકો છો.

Settlement.Org વેબસાઇટની જેમ આ માર્ગદર્શિકા મુદ્દાસર વિભાગોમાં રચાયેલી છે તેમાં ઓન્ટેરિયોમાં તમારા શરુઆતના અઠવાડિયાઓમાં તમારે કરવાની બાબતોની યાદી તમે જોશો. માર્ગદર્શિકાના વિભાગો આ બાબતોને વધુ વિગતવાર સમજાવે છે. દરેક વિભાગમાં તમારા માટે વધુ માહિતી હશે. લાંબા લેખોની કડીઓ (links) અને તમે કયાંથી મદદ મેળવી શકો એના ઉપરની માહિતી વેબસાઇટ પર છે. વેબસાઇટ પરથી તમે અગત્યના ફોર્મ્સ ડાઉનલોડ અને પ્રિન્ટ કરી શકો છો.

## તમારા શરુઆતના અઠવાડિયાઓમાં કરવાની બાબતો

સૌથી પહેલાં શું કરવું તે તમે જ નક્કી કરી શકો છો. તમારે એમાંની બધી બાબતો કરવાની જરૂર ના પણ પડે. ઉદાહરણ તરીકે, જો તમારે બાળકો ના હોય, તો તમારા ઘરની નજીકમાં શાળા શોધવાની તમારે જરૂર નથી. કેટલીક એવી બાબતો છે જે તમારે તરત કરવી જોઇએ, જેમ કે તમારા સ્વાસ્થ્યના કાર્ડ અથવા તમારા સામાજીક વીમાના નંબર (સોશિયલ ઇન્શ્યોરન્સ નંબર) માટે અરજી કરવી.

એવું બની શકે કે તમે જ્યાં રહેવા ઇચ્છતા હો તે શહેરમાં તમારે મિત્રો અથવા કુટુંબ હોય તેઓ તમને અત્યંત મદદરૂપ થશે. તેઓ તમને બતાવી શકે કે શહેરમાં દરેક વસ્તુ ક્યાં છે, અને રહેવા માટેનું સ્થળ શોધવામાં મદદ કરી શકે. તમારા નવા સમાજ વિષે માહિતી મેળવવામાં તેઓ તમને મદદ કરી શકે.

- રહેવા માટેનું સ્થળ શોધવું
- સામાજીક વીમાના નંબર માટે અરજી કરવી (SIN)
- સ્વાસ્થ્યના કાર્ડ માટે અરજી કરવી (OHIP)
- બાળક હોવાથી મળતા કર લાભ માટે અરજી કરવી
- બેંકમાં ખાતું ખોલાવવું
- નોકરી શોધવા વિષે માહિતી મેળવવી
- તમારા ઘરની સૌથી નજીકમાં વસાહતી સંસ્થા શોધવી
- તમારા ઘરની સૌથી નજીકમાં સામાજીક સ્વાસ્થ્ય કેન્દ્ર શોધવું
- તમારા ઘરની સૌથી નજીકમાં રોજગાર માહિતી કેન્દ્ર શોધવું
- તમારા ઘરની સૌથી નજીકમાં સાર્વજનિક પુસ્તકાલય શોધવું
- નોકરીયાત અને ભાડુઆત તરીકેના તમારા અધિકારો વિષે માહિતી મેળવવી
- તમારા બાળકોને શાળા કેવી રીતે શરુ કરાવવી એ વિષેની જાણકારી મેળવવી
- ગલીઓ, રસ્તાઓના નકશાઓ મેળવવા અને બસ પરિવહન માર્ગોની જાણકારી મેળવવી
- તમારા અને તમારા કુટુંબ માટે અંગ્રેજીના વર્ગ શોધવા
- ખરીદી ક્યાંથી કરવી એની જાણકારી મેળવવી
- www.settlement.org પર માહિતી શોધવી

## કેનેડામાં ઠરીઠામ થવામાં કેટલો ખર્ચ થાય છે?

તમે ધારતા હો એનાથી વધુ ખર્ચ હોઇ શકે છે. જ્યારે તમે આવો છો ત્યારે સીટીઝનશીપ અને ઇમિગ્રેશન કેનેડા તમને "નાણાંકીય ભંડોળનો પૂરાવો" બતાવવાનું કહે છે. કેનેડામાં આવ્યા પછી તમારી જાતને અને તમારા કુટુંબને પોષવા માટે તમારી પાસે પૂરતા નાણાં છે એવું તમે સાબિત કરો એમ તેઓ માંગે છે.

પરંતુ નાણાંની જેટલી રકમ તમારી પાસે હોવી જોઇએ એમ તેઓ માંગે છે તે કદાચ તમારા દેશમાં તમે જેવું જીવન જીવતા હતા તેવા જીવન માટે અહીં પૂરતી ના પણ હોય. ઘણાં નવા આવનારાઓ ઘણાં મહિનાઓ સુધી નોકરી મેળવી શકતા નથી. જેવું નવું જીવન તમે અહીં બનાવવા ઇચ્છતા હો તે માટે ઘણો સમય લાગી શકે છે.

તમે જ્યારે એપાર્ટમેન્ટ લો, ત્યારે પહેલા અને છેલ્લા મહિનાનું ભાડું તમે રહેવા આવો એ પહેલાં જ તમારે ચૂકવવું પડે છે. કેટલાક એપાર્ટમેન્ટોમાં રાચરચીલું હોય છે, પરંતુ મોટાભાગનામાં હોતું નથી. તમારા એપાર્ટ-મેન્ટ માટે તમારે રાચરચીલું ખરીદવું પડે છે. શિયાળુ વસ્ત્રો તમારે કદાચ ખરીદવા પડે. તમારે પરિવહન, ટેલીફોન, ખોરાક, દવાઓ, મનોરંજન… માટે નાણાં ચૂકવવા પડે છે. નાણાં ચૂકવવા પડે તેવી વસ્તુઓની યાદી લાંબી છે.

બધા શહેરોમાં ખર્ચાઓ એકસરખા હોતા નથી. કેનેડામાં જીવન જીવવા માટે કેટલો ખર્ચ થાય છે એના કેટલાક ઉદાહરણો જોવા Settlement.Org પર **www.settlement.org/FD/01** પર "***ત્રણ જણના કુટુંબને કેનેડામાં જીવવા માટે શું ખર્ચ થાય?***" લેખ વાંચો.

તમે જે શહેરમાં ઠરીઠામ થવા ઇચ્છતા હો ત્યાં કેટલો ખર્ચ આવે એ તમારે શોધી કાઢવું જોઇએ. તમારા શરુઆતના મહિનાઓને સરળ બનાવવા શક્ય એટલાં વધારે નાણાં લાવો.

# ઓન્ટેરિયોમાં આવીને

જ્યારે તમે કસ્ટમ્સ અને ઇમિગ્રેશનમાંથી પસાર થાઓ ત્યારે તમારા ઇમિગ્રેશન અથવા વિઝાના દરજ્જા (સ્ટેટસ) વિષે તમને કોઇ પણ સવાલો હોય તો કેનેડિયન ઇમિગ્રેશન ઓફિસરને પૂછો. જો તમે મોડે સુધી રાહ જોશો તો તમને જરુરી જવાબો મેળવવા અઘરા પડી શકે છે.

જો આ માર્ગદર્શિકા તમે તમારા અહીં આવતા પહેલાં વાંચતા હો તો '**નવા ઇમિગ્રન્ટ તરીકે કેનેડામાં દાખલ થવા માટે મારે ક્યા દસ્તાવેજો મારી સાથે લાવવા જોઇએ?**' લેખ વાંચો.
**www.settlement.org/FD/02**

જો તમે ટોરોન્ટોમાં લેસ્ટર બી. પીયરસન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતરો, તો ઇમીગ્રન્ટ રીસેપ્શન એન્ડ ઇન્ફર્મેશન સર્વિસીસ (IRIS) ના સ્ટોલ પર તમને મદદ કરવા માટે ઉપયોગી માહિતીઓનો સંગ્રહ છે. એ તમને જણાવશે કે જ્યારે તમે ઓન્ટેરિયોમાં આવો ત્યારે તમારે પહેલાં શું કરવાની જરૂર છે, અને નવા પરદેશી વસાહતીઓને મદદ કરતી સંસ્થાઓને ક્યાં શોધશો.

તમારા રોકાવાના સ્થળે જવાનો સૌથી ઉત્તમ રસ્તો એરપોર્ટના કર્મચારીઓ તમને જણાવી શકે. ઘણીવાર એરપોર્ટથી તમારે જવાની જગ્યાએ તમને લઇ જવા માટે બસો, ટેક્સીઓ અને અન્ય સાધનો હોય છે. તમે ક્યાં જવાના છો એના હિસાબે કેટલાક સાધનો બીજા કરતા ઘણા વધારે ખર્ચાળ છે, તેથી પસંદગી કરતા પહેલાં એરપોર્ટ કર્મચારીઓ અથવા પરિવહન સેવા સાથે ભાડા તપાસી જુઓ.

## તમારા નવા શહેરની જાણકારી મેળવવી

જ્યારે તમે પહેલી વાર આવો ત્યારે તમારે ઘણું બધું કરવાનું હોય છે. તમારા નવા શહેર વિષે માહિતી મેળવવામાં તમારે તમારા સમયનો એક ભાગ વિતાવવાની જરૂર છે. આમ કરવાની શ્રેષ્ઠ રીત એક પ્રવાસી તરીકે વર્તવાની છે!

તમારા આવતા પહેલાં જે શહેરમાં તમારુ ઠરીઠામ થવાનું આયોજન હોય તેના વિષે પર્યટક માહિતી મેળવો. જ્યારે તમે આવો, ત્યારે ગાડી અથવા બસમાં શહેરમાં આસપાસ ફરીને બધું જોવામાં થોડાંક દિવસો વિતાવો. આ તમને ઘણી રીતે મદદરુપ થશે. તમારા નવા શહેરમાંની શોધખોળથી તમે:

- જુદી જુદી દુકાનો ક્યાં છે તે જોશો
- સ્થળોએ જવાનો સૌથી સારા રસ્તાઓ શોધશો
- તમને કઇ પ્રવૃતિઓ અને સ્થળો ઉપલબ્ધ છે તેની માહિતી મેળવશો

તમારા નવા દેશમાં ઠરીઠામ થવા માટેના બધાં કામ તમે શરુ કરો એ પહેલાં તમારી મુસાફરીમાંથી સ્વસ્થ થવાની અને વિશ્રામ કરવાની આ ઉત્તમ રીત છે.

## ઓન્ટેરિયો વિષે

### હવામાન

ઓન્ટેરિયો એક વિશાળ પ્રાંત છે, તેથી પ્રદેશે પ્રદેશે ઉષ્ણતામાન બદલાય છે. એક જ પ્રદેશમાં પણ અલગ અલગ તાપમાન હોઇ શકે છે. સામાન્યપણે, વર્ષનો સૌથી ઠંડો મહિનો જાન્યુઆરી, અને જુલાઇ સૌથી ગરમ છે. રેડિયો અને ટીવી નિવેદકો તાપમાન ડીગ્રી સેલ્સિયસમાં (C) આપે છે, પરંતુ ઘણીવાર ડીગ્રી ફેરનહાઇટમાં (F) પણ જણાવે છે.

વર્ષ ચાર ઋતુઓનું બનેલું છે:

**શિયાળો - 21 ડિસેમ્બરથી 19 માર્ચ**

શિયાળામાં ઉષ્ણતામાન ઠંડું હોય છે. ઘણીવાર બરફ પડે છે. શિયાળાના મહિનાઓ દરમ્યાન (ડિસેમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરી), મોટા ભાગના દેશમાં રાતદિવસનું ઉષ્ણતામાન, સામાન્યપણે, 0°C થી નીચે રહે છે. પ્રાંતના કેટલાક ભાગોમાં ઉષ્ણતામાન -25°C થી નીચે જઇ શકે છે. મોટા ભાગના ઓન્ટેરિયોમાં, મધ્ય ડિસેમ્બરથી મધ્ય માર્ચ સુધી જમીન પર બરફ હોઇ શકે છે. જેમ જેમ ઉત્તરમાં વધારે દૂર જાઓ, તેમ તેમ શિયાળો વધુ લાંબો અને ઠંડો થતો જાય છે. **www.settlement.org/FD/24**

### વસંત - 20 માર્ચથી 20 જુન

ઓન્ટેરિયોના મોટા ભાગમાં વસંત એ ચોમાસાની ઋતુ છે. આખી ઋતુ દરમ્યાન દિવસના સમયનું ઉષ્ણતામાન વધે છે, પરંતુ રાત્રીઓ ઠંડી રહે છે. માર્ચ, એપ્રિલ અને મે ની શરુઆતમાં દિવસના સમયનું સરેરાશ ઉષ્ણતામાન આશરે 12°C જેટલું હોય છે.

### ઉનાળો - 21 જુનથી 21 સપ્ટેમ્બર

ઉનાળો 21 જુનથી શરુ થાય છે, પરંતુ મોટા ભાગના ઓન્ટેરિયનો માટે, જુલાઇ અને ઓગસ્ટ ઉનાળાના મુખ્ય મહિનાઓ છે. ઉનાળામાં દેશના મોટા ભાગોમાં હવામાન ઘણું ગરમ હોય છે. દક્ષિણ ઓન્ટેરિયોમાં, દિવસ દરમ્યાનનું ઉષ્ણતામાન સામાન્યપણે 20°C થી ઉપર રહે છે અને ઘણીવાર 30°C થી ઉપર જાય છે. ઉનાળો ગરમ અને ઘણો ભેજવાળો થઇ શકે છે. ટીવી અને રેડિયો પર તમે ગરમી, સૂર્ય અને પ્રદુષણયુક્ત ધુમ્મસને કારણે થતી સ્વાસ્થ્યની સમસ્યા વિષે ચેતવણીઓ સાંભળશો.

### પાનખર - 22 સપ્ટેમ્બરથી 20 ડિસેમ્બર

પાનખર ઋતુ (જેને ઘણી વાર ઓટમ, અથવા ફોલ, કહેવામાં આવે છે) સપ્ટેમ્બરમાં શરુ થાય છે. હવામાન ઠંડું થવા લાગે છે અને ઘણાં વૃક્ષો પરના પાંદડાઓનાં રંગ બદલાય છે અને જમીન પર પડવા લાગે છે. વર્ષના આ સમયે ઘણો વરસાદ પણ પડી શકે છે. ઓન્ટેરિયોના કેટલાક ઉત્તરી ભાગોમાં, ઓક્ટોબરના અંતે બરફ પડવાનું શરુ થઇ જઇ શકે છે. મોટા ભાગના પ્રાંતમાં દિવસના સમયનું સામાન્ય ઉષ્ણતામાન આશરે 10°C થી 12°C હોય છે, અને જેમ જેમ શિયાળો નજીક આવે તેમ તેમ નીચું જતું જાય છે. પાનખરના મહિનાઓ સપ્ટેમ્બર, ઓક્ટોબર અને નવેમ્બર છે.

ઓન્ટેરિયોમાં શિયાળા ઘણા ઠંડા અને બર્ફીલા હોઇ શકે છે. જો તમે ગરમ દેશમાંથી આવતા હો, તો તમને શિયાળો આઘાતજનક લાગશે. શિયાળો બરફમાં મઝા માટેનો સમય છે, પરંતુ જોખમો વિષેનું અને કેવી રીતે હુંફાળા રહેવું એ વિષેનું જ્ઞાન મેળવવું અગત્યનું છે. અહીં તમને શિયાળાના આવા વસ્ત્રોની જરુર પડશે:

- ગરમ બૂટ
- જાડો, પવનથી રક્ષણ આપતો કોટ
- ગળા માટે અને/અથવા ચહેરા પર વીંટવાનો સ્કાર્ફ
- અસ્તરવાળા મોજાં
- અંદર પહેરવાના ગરમ વસ્ત્રો (અન્ડરવેર)
- કાનોને ઢાંકે તેવી ટોપી. આ શિયાળા માટેના પહેરવેશનો એક અગત્યનો ભાગ છે કારણકે લોકો તેમના શરીરની મોટા ભાગની ગરમી તેમના માથામાંથી ગૂમાવે છે.

તમારા વિસ્તારના હવામાન વિષેની જાણકારી તમે રેડિયો સાંભળીને, ટીવી પરથી અથવા દૈનિક સમાચારપત્ર વાંચીને મેળવી શકો છો.

## મદદ શોધવી

## વસાહતી સંસ્થાઓ (સેટલમેન્ટ એજન્સીઝ)

ઓન્ટેરિયોમાં તમારું જીવન શરુ કરવામાં તમને ઘણી સંસ્થાઓ મદદ કરી શકે છે. તેઓને વસાહતી અથવા પરદેશી વસાહતીઓને સેવા પૂરી પાડતી સંસ્થાઓ કહેવાય છે. ઓન્ટેરિયોમાં નવા પરદેશી વસાહતીઓને તેઓ મદદ કરે છે.

જેવા તમે ઓન્ટેરિયોમાં આવો કે તરત તમારી નજીકની વસાહતી સંસ્થા શોધો. તમારા નવા શહેરમાં ઠરીઠામ થવામાં તેઓ તમને મદદ કરશે. જ્યારે તમે પહેલી વાર આવો ત્યારે તમે કદાચ હોટેલમાં પણ રહો. વસાહતી સંસ્થાઓ તમારું પ્રથમ રહેઠાણ શોધવામાં તમને મદદ કરી શકે છે. તમારા નવા સમાજ વિષેની માહિતી મેળવવામાં પણ તેઓ મદદ કરી શકે છે.

તમે સાંભળશો કે આ કેન્દ્રોને લોકો ISAP સંસ્થાઓ, બહુ-સાંસ્કૃતિક કેન્દ્રો, અથવા પરદેશી વસાહતી સેવા સંસ્થાઓના નામથી પણ બોલાવે છે. જે દેશમાંથી તમે આવો છો ત્યાં આ પ્રકારની સેવા હોય કે ન પણ હોય. કેનેડામાં વસાહતી સંસ્થાઓ નિ:શુલ્ક હોય છે અને હંમેશા ગુપ્તતા જાળવે છે. અહીં તેમની કેટલીક સેવાઓ છે:

- દસ્તાવેજોનું અર્થઘટન અને ભાષાંતર
- રહેવા માટેનું સ્થળ, અંગ્રેજી વર્ગો, નોકરી, તાલીમના કાર્યક્રમો અથવા ઓછા ખર્ચે આહાર સામગ્રી, કપડાં અથવા રાચરચીલું ખરીદવાના સ્થળો શોધવામાં મદદ
- ફોર્મ્સ અને દસ્તાવેજી કામ પૂરુ કરવામાં મદદ
- વિસ્તારમાંની અન્ય મદદરૂપ માહિતી વિષેની જાણકારી

જ્યારે તમારા નવા વિસ્તારમાં આવો ત્યારે તમે વસાહતી સંસ્થા અથવા સેવા માટેની શોધ કરી શકો અથવા તમે Settlement.Org વેબસાઇટ પર ‘ઘરની નજીકમાં મદદ મેળવો’ વિભાગની મુલાકાત લઇ શકો છો. **www.settlement.org/FD/04**

## નવા આવનારાઓ માટે માહિતી કેન્દ્રો (NIC)

જો તમે ટોરોન્ટો અથવા પીલ પ્રદેશમાં હો, તો સૌથી પહેલાં તમે નવા આવનારાઓ માટેના માહિતી કેન્દ્ર (NIC) પર જઇ શકો છો. NICs તમને સામાજીક સંસ્થાઓ પાસે મોકલશે જે બૃહદ (ગ્રેટર) ટોરોન્ટો વિસ્તારમાં ઠરીઠામ થવામાં તમને મદદ કરી શકે છે. તમારાથી સૌથી નજીકના NIC માટે ફોન બુકમાં જુઓ.

## સામાજીક માહિતી કેન્દ્રો (કોમ્યુનીટી ઇન્ફોર્મેશન સેન્ટર)

જો તમે સમાજ, સામાજીક, સ્વાસ્થ્ય અથવા સરકારી સેવાઓ વિષે માહિતી શોધતા હો તો તમારા સ્થાનિક સામાજીક માહિતી કેન્દ્રને ફોન કરો. તેઓ તમને તમે જ્યાં રહો છો ત્યાંથી નજીકની નિ:શુલ્ક સેવા શોધવામાં મદદ કરી શકશે. તેઓની સેવા નિ:શુલ્ક અને ગુપ્તતા જાળવે તેવી હોય છે. તમારી પોતાના વિષેની કોઇ પણ અંગત માહિતી તમારે તેઓને આપવાની જરુર નથી.

સૌથી નજીકનું સામાજીક માહિતી કેન્દ્ર શોધવા માટે ફોન બુકના ભૂરાં પાનાં જુઓ. “કોમ્યુનિટી ઇન્ફર્મેશન” નામમાં જુઓ. ફોન બુક કેન્દ્રનો ફોન નંબર અને ગલીનું સરનામુ, બંને બતાવશે. જો તમે ફોન બુકનો ઉપયોગ કેવી રીતે કરવો એ અંગે ચોકક્સ ના હો, તો આ માર્ગદર્શિકાના ‘**ઉપભોક્તા માહિતી**’ વિભાગમાં “ટેલીફોન બુકનો ઉપયોગ” વાંચો.

સામાજીક માહિતી મેળવવા ઘણાં વિસ્તારોમાં તમારા ટેલીફોન પરથી તમે 211 જોડી શકો છો.

## સીટીઝનશીપ અને ઇમિગ્રેશન કેનેડા

કેનેડામાં આવ્યા પછી તમારા પરદેશી વસાહતી તરીકેના દરજ્જા વિષે જો તમને સવાલો હોય, તો સીટીઝનશીપ અને ઇમિગ્રેશન કેનેડાના (CIC) કૉલ સેન્ટરને ફોન કરો.

રેકોર્ડ કરેલા સંદેશામાંથી તમે દિવસના 24 કલાક, અઠવાડિયાના 7 દિવસ માહિતી મેળવી શકો છો.

જો તમે વ્યકિત સાથે વાત કરવા ઇચ્છતા હો, સવારના 8:00 અને સાંજના 4:00 વચ્ચે, સોમવારથી શુક્રવાર સુધીમાં ફોન કરો. કૉલ સેન્ટર પર **1-888-242-2100** નંબરથી પહોંચી શકાય છે. કૉલ સેન્ટર કેવળ અંગ્રેજી અને ફ્રેન્ચમાં જ સેવા આપે છે.

# રહેઠાણ

## રહેવા માટે સ્થળ શોધવું

જો શક્ય હોય, તો તમે આવો એ પહેલાં જ તમારી શરુઆતની કેટલીક રાતો દરમ્યાન તમે ક્યાં રોકાશો એની વ્યવસ્થા કરવાનો પ્રયત્ન કરો. ટોરોન્ટોમાં અથવા ઓન્ટેરિયોના અન્ય કોઇ શહેરમાં રોકાવાનું સ્થળ શોધવા અને આરક્ષિત કરવા માટે તમારા દેશની ટ્રાવેલ એજન્સીનો તમે સંપર્ક કરી શકો છો.

જ્યારે તમે ઉત્તર અમેરિકામાં હો, ત્યારે તમે ટુરીઝ્મ ઓન્ટેરિયોને 1-800-ONTARIO (**1-800-668-2746**) પર ફોન કરી શકો છો. રુમ શોધવામાં અને આરક્ષિત કરવામાં ટુરીઝ્મ ઓન્ટેરિયો તમને મદદ કરી શકે છે. આ સેવા નિ:શુલ્ક છે.

તમે રહેઠાણ શોધો ત્યાં સુધી તમારે કયાંક રોકાવાની જરુર છે. તમે હોટેલ, બેડ-એન્ડ-બ્રેકફાસ્ટ, એપાર્ટમેન્ટ હોટેલ, ટ્રાવેલ હોસ્ટેલ અથવા યુનિવર્સિટી કે કોલેજનું વિદ્યાર્થી ભવન શોધી શકો છો. ટ્રાવેલ હોસ્ટેલો અથવા વિદ્યાર્થી ભવનમાં તમે દિવસો, અઠવાડિયાઓ, અથવા મહિનાઓ માટે હોટેલ કરતાં ઓછા દરે રહી શકો છો. બેડ-એન્ડ-બ્રેકફાસ્ટ એ કોઇ મકાનમાલિકના ઘરનો રુમ હોય છે જ્યાં તમને મકાનમાલિક દરરોજ સવારનો નાસ્તો આપે છે.

જો તમે રોકાવાના સ્થળની વ્યવસ્થા વિના ટોરોન્ટોમાં લેસ્ટર બી. પીયરસન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતરો, તો ઈમીગ્રન્ટ રીસેપ્શન એન્ડ ઈન્ફર્મેશન સર્વિસીસ (IRIS) નું પ્રતિક શોધી કાઢો અથવા **905-672-3660** પર ફોન કરો. એરપોર્ટની નજીક રહેવાની હોટેલો અને સ્થળો વિષે પણ તેઓ પાસે માહિતી છે. એરપોર્ટની નજીકની હોટેલો મોંઘી હોય છે, તેથી શહેરની નજીકની હોટેલો શોધવાનો પ્રયત્ન કરો.

ઓન્ટેરિયોમાં ઘણાં ઘરો મોંઘા છે. તમારું પહેલું ઘર કદાચ તમારી ઈચ્છા મુજબનું ના પણ હોય. તમારે ભાડાનું બજાર સમજવાની અને તમે કેવા વિસ્તારમાં રહેવા ઈચ્છો છો એ જાણવા માટે સમયની જરુર છે. રહેઠાણ પર તમારાં નાણાંનો મોટો ભાગ ખર્ચવાનો પ્રયત્ન કરશો નહીં. મોટા ભાગના નવા આવનારાઓ ઘણાં મહિનાઓ સુધી નોકરી મેળવી શકતા નથી.

મોટા ભાગના નિષ્ણાતો કહે છે કે તમારી કર ચૂકવતા પહેલાંની કુલ આવકના એક-તૃત્યાંશ (33.3%) ભાગથી વધુ રહેઠાણ પર ખર્ચશો નહીં.

## રહેઠાણના વિકલ્પો

જો તમે એક એપાર્ટમેન્ટમાં અથવા ઘરમાં બીજા લોકોની સાથે ભાગે રહો તો તમે નાણાં બચાવી શકો. વિદ્યાર્થીઓ અને જુવાન લોકો ઘણી વાર આમ કરે છે, પરંતુ મોટી વયના લોકો પણ નાણાં બચાવવા આમ કરી શકે.

શહેરના જુદા જુદા ભાગોમાં તમે જુદી જુદી ભાડાની રકમ ચૂકવો છો. સામાન્ય રીતે મોટા શહેરના મધ્યની નજીક ભાડાની કિંમત વધુ હોય છે. તમે અહીં આવો એ પહેલાં ભાડાના બજાર વિષે તમારાથી શક્ય એટલી વધારે માહિતી મેળવો.

તમે ભાડેથી રહો એ પહેલાં પૂછવાના સવાલો:

- શું બસો અથવા સબ-વેથી એપાર્ટમેન્ટ નજીકમાં છે?
- અન્ય કઇ સેવાઓ નજીકમાં છે? (શાળાઓ, સ્ટોર્સ, લોન્ડ્રોમેટસ, બગીચાઓ, રમતના મેદાનો, સામાજીક કેન્દ્રો, તબીબી દવાખાનાં, દેવળો)
- શું એપાર્ટમેન્ટ શાંતિમય છે?
- અન્ય ભાડુઆતો કેવા છે?
- જો તમારી પાસે ગાડી હોય, તો ગાડી પાર્ક કરવાની જગ્યા ત્યાં છે?
- શું આડોશપાડોશનો વિસ્તાર સલામત છે?
- જો તમારે બાળકો હોય તો શું શાળા નજીકમાં છે?
- ગરમી અને વીજળી માટે શું તમારે વધારાની ચૂકવણી કરવાની છે?

## માહિતીના સાધનો (રિસોર્સીસ)

તમે ઓન્ટેરિયો આવો એ પહેલાં અહીં કેટલાંક માહિતીનાં સાધનો છે જ્યાંથી તમે રહેઠાણો વિષે વધુ જાણકારી મેળવી શકો છે.

**રીયલ એસ્ટેટ રેન્ટલ સર્વિસીસ:** આ સેવાઓને 'ભાડૂતી સંપત્તિ વહિવટકર્તા' (પ્રોપર્ટી રેન્ટલ મેનેજમેન્ટ) અથવા 'ભાડૂતી સંપત્તિ શોધી આપનાર' (રેન્ટલ લોકેટર) પણ કહેવાય છે. આ કંપનીઓ મકાનમાલિકોને નવા ભાડુઆતો શોધી આપવામાં મદદ કરે છે. રહેવા માટેનું સ્થળ તમને શોધી આપવા માટે તમે તેઓનો સંપર્ક કરી શકો, જેની ફી થશે.

તેઓને પૂછો કે તેઓ કઇ સેવાઓ પૂરી પાડે છે. જો તેમની સેવાથી તમને સંતોષ ના થાય તો શું તેઓ તમારા નાણાં પરત કરશે? જો તેઓ તેમ ના કરે તો કોઇ ફી ચૂકવશો **નહીં** અને આ સેવાઓ વાપરશો નહીં.

**રીલોકેટ કેનેડા:** કેનેડાની અંદર સ્થાનફેર કરતાં અથવા કેનેડામાં આગમન કરતાં લોકો માટે આ ઓનલાઇન માર્ગદર્શિકા છે. તમે ઇચ્છો એ શહેર માટે જુઓ અને રહેઠાણ, બાળ સંભાળ, હવામાન, ખર્ચાઓ અને અન્ય ઘણી બાબતો વિષે માહિતી મેળવી શકો. તમે ઇચ્છો એ શહેર માટેની ટેલીફોન ડિરેક્ટરી પણ તમે ડાઉનલોડ કરી શકો છે. **www.settlement.org/FD/03**

**યલો પેજીઝ:** "યલો પેજીઝ" એ ટેલીફોન પુસ્તકનો એક વિભાગ છે જે ધંધાઓ અને વ્યવસાયીક પેઢીઓની યાદી વર્ણાનુક્રમ પ્રમાણે આપે છે. ધંધાઓને તેમના પ્રકાર પ્રમાણે ગોઠવેલા હોય છે. યલો પેજીઝ મારફત ઇન્ટરનેટ પર તમે **www.settlement.org/FD/18** પર 'રીયલ એસ્ટેટ રેન્ટલ સર્વિસીસ' માં શોધી શકો છે.

**ટચૂકડી જાહેરાતો:** ઓન્ટેરિયોનાં મોટા ભાગના સમાચારપત્રોમાં ટચૂકડી જાહેરાતોનો એક વિભાગ હોય છે જેમાં ઘણાં મકાનમાલિકો ભાડા અથવા પટ્ટા માટેના રહેઠાણોની યાદી આપે છે. સામાન્યપણે તેમના એપાર્ટમેન્ટો રહેવા માટે કોઇ રાખી શકે એના એક મહિના પહેલાં મકાનમાલિકો તેમને યાદીમાં મૂકે છે.

આ જાહેરાતો વાંચવાથી તમને જેવા પ્રકારનું ઘર તમે ઇચ્છો છો એની કિંમત અને મળવાપાત્રતા વિષેની જાણકારી મેળવવામાં મદદ મળશે. તમે આ રહેઠાણની ટચૂકડી જાહેરાતો ઓન્ટેરિયોના ઘણાં સમાચારપત્રોની વેબસાઇટો પર જોઇ શકો છો.

જો મકાનમાલિકોનો સંપર્ક તમે જાતે કરવા ઇચ્છતા હો, તો અહીં ઘર શોધવા માટે તમે અહીં આવો ત્યાં સુધી તમારે રાહ જોવી પડશે એ સ્વાભાવિક છે. તમે ઓન્ટેરિયોમાં આવો એ પહેલાં મકાનમાલિકને ફોન કરી શકો છો, પરંતુ તમારા માટે એપાર્ટમેન્ટ રાખી મૂકાશે એવી આશા રાખશો નહીં. મોટા ભાગના મકાન માલિકો તેઓનો એપાર્ટમેન્ટ અથવા ઘર તમને ભાડે આપે એ પહેલાં તમને રુબરુ મળવા ઇચ્છતા હોય છે.

## વસાહતી સંસ્થાઓ (સેટલમેન્ટ એજન્સીઓ)

ઓન્ટેરિયો આવ્યા પછી, તમારા નવા સમાજમાં વસાહતી સંસ્થાનો તમે સંપર્ક કરી શકો છો. તેઓ નવા આવનારાઓને ઘણી સેવાઓ પૂરી પાડે છે. તમારા નવા સમાજમાં તમને ઠરીઠામ થવા માટે તમને જરૂરી એવી રહેઠાણ, વ્યવસાય અને અન્ય કોઇ પણ સેવા અથવા માહિતી મેળવવામાં તેઓ મદદ કરી શકે છે.

કેટલાક લોકો આ કેન્દ્રોને ISAP સંસ્થાઓ, બહુસાંસ્કૃતિક કેન્દ્રો અથવા પરદેશી વસાહતી-સેવા કેન્દ્રો તરીકે ઓળખે છે. આ બધા નામોનો એક જ અર્થ છે. તેઓ ઓન્ટેરિયોમાં નવા પરદેશી વસાહતીઓને મદદ કરે છે.

તમારા નવા સમાજમાં આવ્યા પછી તમે વસાહતી સંસ્થાની મુલાકાત લઇ શકો છો.

Settlement.Org માંથી તમે સંસ્થાઓની યાદી મેળવી શકો છો. 'ઘરની નજીકમાં મદદ મેળવો' વિભાગ જુઓ. **www.settlement.org/FD/04**

## રહેઠાણની મદદ કરતા કેન્દ્રો

લોકોને ઓછા ભાડાના રહેઠાણ શોધવામાં મદદ કરવા માટે ઘણાં જનસમુદાયો પાસે 'રહેઠાણની મદદ કરતા કેન્દ્રો' હોય છે. આ સેવાનો ઉપયોગ તમે ઓન્ટેરિયોમાં આવો પછી જ કરી શકો. આ સેવાનો ઉપયોગ જે

લોકો પાસે બહુ નાણાં નથી તેઓ કરે છે. વસાહતી સંસ્થા તમારા શહેરમાં 'રહેઠાણની મદદ કરતું કેન્દ્ર' શોધી આપવામાં મદદ કરી શકે.

**તેઓની સેવાઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:**

- રહેઠાણ માટેની શોધમાં તમને મદદ કરવી
- કાનૂની સેવાઓ વિષેની અને "નિવાસી ભાડુઆતો માટેના કાયદા" વિષેની માહિતી – ભાડુઆતોને રક્ષણ આપતો કાયદો
- તમારા નાણાંનો યોગ્ય વહિવટ કરવા વિષેની માહિતી
- સામાજીક કાર્યકરો, કાનૂની સહાય પૂરી પાડનારાઓ, સામાજીક રહેઠાણ પૂરું પાડનારાઓ અને મકાનના મેનેજરો સાથે ભાડુઆતોને વાત કરવામાં મદદ કરવી
- ખાનગી મકાનમાલિકોની યાદીઓ
- મકાનમાલિકની માહિતી અને શિક્ષણ
- સામાજીક રહેઠાણ માટે અરજી કરવામાં તમને મદદ કરવી
- હોસ્ટેલ / આશ્રયસ્થાનની માહિતી
- ખોરાક, કપડાં અથવા સ્વાસ્થ્યની અન્ય જરૂરીયાતો મેળવી આપે તેવા કાર્યક્રમો શોધવામાં મદદ કરવી

## નોટીસ બોર્ડ (બુલેટિન બોર્ડ્સ)

સામાજીક કેન્દ્રો, લોન્ડ્રોમેટ્સ, કરિયાણાંની દુકાનો અને અન્ય સ્થાનિક ધંધાઓ પર તમે નોટીસ બોર્ડ (બુલેટિન બોર્ડ્સ) જોઇ શકો છે. આ બુલેટિન બોર્ડ્સમાં ઘણી વાર ભાડે મળતા રહેઠાણોની માહિતી હોય છે.

પોતાનાં વિદ્યાર્થીઓને ભાડાના ઘર શોધવામાં મદદ કરવા માટે મોટા ભાગની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં રહેઠાણનાં બુલેટિન બોર્ડ્સ, વેબસાઇટો અને હાઉસીંગ ઓફિસો હોય છે. જો તમે વિદ્યાર્થી હો, તો કોલેજ અને યુનિવર્સિટીની રહેઠાણની સેવાઓના બુલેટિન બોર્ડ્સ તપાસો. તે ઘણાં સરસ સાધનો હોય છે.

ઘણીવાર ભાડાના રૂમો અથવા એપાર્ટમેન્ટો માટે તમે એપાર્ટમેન્ટના મકાનની આગળ અથવા ઘરોની બારીઓમાં **"ફોર રેન્ટ"** અથવા **"વેકેન્સી"** ના પાટીયાં જોઇ શકો. કોઇ એપાર્ટમેન્ટના ટૂંક સમયમાં ખાલી થવા વિષે તમે એપાર્ટમેન્ટના મકાનના સુપ્રિન્ટેન્ડેન્ટને પણ પૂછી શકો. તમારુ નામ પ્રતિક્ષા યાદીમાં મૂકવાનું તેઓને કહો.

કુટુંબ અને મિત્રો ઘણી વાર ભાડે મળતા ઘરો વિષે જાણતા હોય છે. તમે રહેઠાણ શોધી રહ્યા છો એમ તેઓને જણાવો.

પહેલાં નાના મકાનોમાં તપાસ કરી જુઓ, અથવા પોતાના ઘરોમાં એપાર્ટમેન્ટો અથવા રૂમો ભાડે આપવા ઇચ્છતા મકાન માલિકોને શોધો. ભાડે આપતી કેટલીક મોટી કંપનીઓ શહેરમાં તમને ઓળખતાં લોકોનાં નામ માંગે છે અથવા તમને ભાડે આપતાં પહેલાં તમે મોટી અનામત ચૂકવો એમ તેઓ માંગી શકે છે.

વધુ જાણકારી અહીં મેળવો: 'હું ભાડેનું રહેઠાણ અથવા એપાર્ટમેન્ટ કેવી રીતે મેળવી શકું?' **www.settlement.org/FD/05**.

## દસ્તાવેજો અને અરજીઓ

ભાડાંની અરજી સાથે તમારે આ દસ્તાવેજો પૂરા પાડવાની જરૂર પડી શકે:

- તમારી આવક જણાવતો તમારા નિયોક્તાનો પત્ર
- તમારી પાસે પૂરતા નાણાં છે એ દર્શાવતું બેંકનું સ્ટેટમેન્ટ
- ક્રેડિટ ચેક
- જો તમારી આવક ઓછી હોય, અથવા તમારે કોઇ આવક ના હોય તો તમારી બાંહેધરી આપનાર અથવા સાથે સહી કરનાર (એવી વ્યકિત કે જે, જો તમારું ભાડું ભરવામાં તમે અસમર્થ હો તો, તે ચૂકવવાનું વચન આપે છે)
- અંગત ચાલચલગત સંબંધી વિગત આપનાર વ્યકિતઓ, જેવી કે પહેલાંના મકાનમાલિકો, મિત્રો, વસાહતી કાર્યકર્તા અથવા ભાષા શિક્ષક

કેટલાંક નવા પરદેશી વસાહતીઓ અને નિરાશ્રીતો પાસે ઘણાં ઓછા નાણાં હોય છે, કોઇ નોકરી નથી હોતી અને ઓન્ટેરિયોમાં તેઓ બહુ ઓછા લોકોને ઓળખતા હોય છે. તેઓ આ બધા દસ્તાવેજો પૂરા પાડી શકતા નથી.

## અનામતો (ડીપોઝીટ)

સામાન્ય રીતે તમારે છેલ્લાં મહિનાના ભાડા જેટલી અનામત, તમે રહેવા આવો તે પહેલાં જ ચૂકવવી પડે છે. આ તમે રોકડ, ચેક, પ્રમાણિત ચેક અથવા મનીઓર્ડરથી ચૂકવી શકો છો. હંમેશા રસીદનો આગ્રહ રાખો.

જો ઘરવપરાશની સુવિધાઓ, જેમ કે પાણી અને વીજળી, ભાડામાં સામેલ ન હોય તો તમારે ખાતું ખોલાવવા અને તે સેવાઓ ચાલુ કરાવવા માટે યુટિલિટી કંપનીનો સંપર્ક કરવો જોઇશે.

અનામત માટે પહેલા અને છેલ્લા મહિનાના ભાડાથી વધુની ચૂકવણી કરશો નહી. તમારે લેખિત રસીદ મેળવવી જોઇશે. અનામત પર તમારા માલિકે તમને દર વર્ષે વ્યાજ ચૂકવવું જોઇશે. ઘર છોડતી વખતે મકાનમાલિક તમને અનામત અને બાકી પડતું વ્યાજ ચૂકવશે. આ જ એક એવી અનામત છે જે કાયદેસર છે.

સંભવિત નુકસાનો, અથવા ચાવીઓ બદલવાના ખર્ચથી વધુ હોય એવા “ચાવીના નાણાં” પેટે ભાડુઆત “સુરક્ષા અનામત” ચૂકવે એવું જો મકાનમાલિક માંગે તો તે ગેરકાયદેસર છે.

## પટ્ટે આપવું (લીઝ)

જ્યારે મકાનમાલિક તમારી અરજી મંજૂર કરે ત્યારે તે તમને એપાર્ટમેન્ટ ભાડે આપવા માટે તૈયાર થાય છે. ત્યાર પછી તમે ભાડાના કરાર અથવા લીઝ પર સહી કરો છો. આ તમારી (ભાડુઆત) અને વ્યક્તિ અથવા કંપની (મકાનમાલિક) જેની પાસેથી તમે ઘર ભાડે લો છો, એ બંને વચ્ચેનો કાયદેસરનો કરાર છે. કેટલીકવાર મકાનમાલિક તમને લીઝ સહી કરવાનું નહીં કહેશે. એને “મહિના-દર-મહિનાનું ભાડું” કહેવાય છે.

તમે લીઝ પર સહી કરવાનું, અથવા મહિને-દર-મહિને ભાડે લેવાનું પસંદ કરી શકો છો. બંને કિસ્સાઓમાં, તમારે અને તમારા મકાનમાલિકે ‘નિવાસી ભાડુઆતના કાયદા’ પાળવાના છે.

તમારી લીઝ કાળજીપૂર્વક વાંચો. તમે લીઝ સહી કરો એ પહેલાં એમાંના બધા કથનો સાથે તમે સંમત હોવા જોઇએ.

**લીઝ સ્પષ્ટપણે જણાવે છે કે:**

- કરાર કેટલા સમય માટેનો છે (સામાન્ય રીતે 12 મહિનાનો)
- ભાડા પેટે તમારે કેટલી ચૂકવણી કરવી પડશે
- ભાડું ક્યારે વધારવામાં આવશે
- ભાડામાં શું સમાયેલું છે (ઉદાહરણ તરીકે: પાર્કિંગ અથવા ઘરવપરાશની સેવાઓ - યુટિલિટી)
- એપાર્ટમેન્ટ વિષેની અન્ય માહિતી અને નિયમો

લીઝના અંતે, તમે એને વધારાવી શકો અથવા મહિને-દર-મહિને ભાડે રાખી શકો છો. તમારે નવી લીઝ સહી કરવાની જરૂર નથી. જો તમે ખાલી કરવા માંગો, તો તમે છોડવાના હો તેના 60 દિવસ પહેલાં તમારે મકાનમાલિકને તમે ક્યારે ઘર છોડવાના છો તે જણાવતો પત્ર લખવો જોઇશે.

**ભાડુઆતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઇશે:**

- સમયસર ભાડું ચૂકવવું. સામાન્યપણે ભાડું દર મહિનાના પહેલા દિવસે ચૂકવવાનું હોય છે, પરંતુ તમારી લીઝ કહેશે કે એ ક્યારે ચૂકવવાનું છે.
- એપાર્ટમેન્ટ સાફ રાખવો જોઇશે, અને યોગ્ય સ્થળે કચરો મૂકવો જોઇશે
- એપાર્ટમેન્ટમાં વધારાની વ્યક્તિઓને રહેવા દેવાશે નહીં. (મુલાકાતીઓ તમારી સાથે થોડાક દિવસો માટે રહી શકે છે, પરંતુ લાંબા સમય માટે નહીં.)
- અન્ય ભાડુઆતોને ખલેલ પહોંચાડવી નહી

**ભાડુઆતોને નીચે જણાવ્યા પ્રમાણે અધિકાર છે:**

- વીજળી, વપરાશનું પાણી, કાર્યક્ષમ ઘરેલુ સાધનો (ફ્રીજ અને સ્ટવ) અને ગરમી સાથેનું સારી રીતે જાળવેલું ચોખ્ખું ઘર.
- એકાંત. મકાનમાલિકે તમારા એપાર્ટમેન્ટમાં પ્રવેશવાના 24 કલાક પહેલાં તમને પત્ર આપવો પડે, સિવાય કે કટોકટી ઊભી થાય (ઉદાહરણ તરીકે: આગ).
- લીઝમાં આપેલ અથવા કાયદેસરની સમય મર્યાદાની અંદર તેઓનું ભાડુઆતપણું સમાપ્ત કરવું..

તમારા ઘરમાં તમે રહેવા આવો એ પછી, જો આગ લાગે તો શું કરવું એની યોજના બનાવો. પછી તમારા કુટુંબ સાથે એનો મહાવરો કરો. તપાસી જુઓ કે તમારુ સ્મોક એલાર્મ કાર્યરત છે. બેટરી બદલવા સિવાય ક્યારેય તેને બહાર કાઢશો નહીં.

સામાન્ય રીતે તમારી ઘરવખરી માટે ભાડુઆતનો વીમો લેવો એ સારો વિચાર છે.

ઓન્ટેરિયોમાં રહેઠાણ શોધવા વિષે વધુ માહિતી તમે Settlement.Org ના ‘હાઉસીંગ’ વિભાગમાં જોઇ શકો છો. **www.settlement.org/FD/06**

# શ્વાસ્થ્ય

તમે આવો એ પહેલાં ઓન્ટેરિયોનું સ્વાસ્થ્યતંત્ર સમજવાનું તમારે માટે જરૂરી છે. કેનેડાની સરકાર અને પ્રાંતોની સરકારો તબીબી સેવાઓ અને સ્વાસ્થ્યના વીમાની ચૂકવણી માટે કરો ઉઘરાવે છે. ઓન્ટેરિયોની સ્વાસ્થ્યવીમા યોજના (OHIP) ઓન્ટેરિયોના રહેવાસીઓને સૌથી મૂળભૂત અને કટોકટીની સ્વાસ્થ્ય સેવાઓ મફત પૂરી પાડે છે.

## ઓન્ટેરિયો સ્વાસ્થ્યવીમા યોજના માટે અરજી કરવી (OHIP)




તમારું સ્વાસ્થ્યકાર્ડ

OHIP એ ઓન્ટેરિયોની સ્વાસ્થ્યવીમા યોજના છે. તે ઘણી જુદી જુદી જાતની સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડે છે. તે સૌથી મૂળભૂત અને કટોકટીની સ્વાસ્થ્ય સેવાઓનો ખર્ચ પૂરો પાડે છે.

OHIP દવાઓ અને દાંતના ઉપચારની સેવાઓના ખર્ચાઓની ચૂકવણી કરતું નથી. સ્વાસ્થ્ય સંભાળની સેવા પૂરી પાડનારાઓ, જેમ કે ડોક્ટરો, ઇસ્પિતાલો અને વોક-ઇન દવાખાના, તમારી મુલાકાતના દરેક સમયે તમારું સ્વાસ્થ્યકાર્ડ (OHIP કાર્ડ) તપાસશે. તમારું સ્વાસ્થ્યકાર્ડ હંમેશા સાથે રાખવું અગત્યનું છે જેથી કટોકટીમાં તમે તબીબી મદદ મેળવી શકો.

મોટા ભાગના નવા આવનારાઓ ઓન્ટેરિયોમાં ત્રણ (3) મહિના સુધી ન રહે ત્યાં સુધી OHIP કાર્ડ મેળવી **શક્તા નથી**. તમે અરજી કર્યાના ત્રણ મહિના પછી OHIP તમારુ કાર્ડ તમને ટપાલથી મોકલશે. એ ઘણું અગત્યનું છે કે ઓન્ટેરિયોમાં આવ્યા પછી સ્વાસ્થ્યકાર્ડ માટે તમે તરત જ અરજી કરી દો જેથી શકય એટલી ત્વરાએ તમારો વીમો થઇ શકે.

અરજી કરવા માટે તમારે OHIP કચેરીએ જવું પડશે. ઓન્ટેરિયોના આરોગ્ય ખાતામાં અને દીર્ઘકાલીન માવજતની સેવાને ફોન કરો અને પૂછો કે સૌથી નજીકની કચેરી કયાં છે. તેમનો ફોન નંબર **1-800-268-1153** છે, જે ઓન્ટેરિયોમાં કોઇ પણ જગ્યાએથી નિ:શુલ્ક છે, અથવા જો તમે ટોરોન્ટોથી ફોન કરો તો **416-327-4327**.

જ્યારે તમે OHIP કચેરીમાં જાઓ ત્યારે તમારે અરજી ફોર્મ ભરવાની જરૂર પડશે. તમારે મૂળ દસ્તાવેજો પણ પૂરા પાડવા જોઇશે જે તમારો પરદેશી વસાહતી તરીકેનો દરજ્જો અને તમે ઓન્ટેરિયોમાં રહો છો એમ સાબિત કરે. જો તમારે 15 1/2 વર્ષ કે તેથી વધુ વયના બાળકો હોય, તો તેઓએ તમારી સાથે કચેરીમાં જવું પડશે. તેમનાં કાર્ડ માટે OHIP કચેરીના કર્મચારીઓ તેમની છબી લેશે.

OHIP તમારી અરજી સ્વીકારે એ પછી તમારું સ્વાસ્થ્યકાર્ડ તેઓ તમને ટપાલથી મોકલશે.

ખાનગી કંપની પાસેથી તરત જ સ્વાસ્થ્ય વીમો ખરીદવો એ સારો વિચાર છે, જેથી તમે 3-મહિનાના પ્રતિક્ષાના ગાળા દરમ્યાન તમારા સ્વાસ્થ્યની સંભાળ લઇ શકો. વીમા કંપનીઓ વિષેની માહિતી માટે કેનેડિયન જીવન અને સ્વાસ્થ્ય વીમા મંડળ (CLHIO) નો **1-800-268-8099** પર સંપર્ક કરો, જે ઓન્ટેરિયોમાં કોઇ પણ જગ્યાએથી નિ:શુલ્ક છે.

## સ્વાસ્થ્યનો ખાનગી વીમો

Settlement.Org પર અમારી પાસે ખાનગી વીમા કંપનીઓની યાદી છે જે વ્યક્તિગત સ્વાસ્થ્ય વીમાની યોજનાઓ પૂરી પાડે છે. આવો વિમો આપતી બધી જ કંપનીઓની યાદી એ ના પણ પૂરી પાડે. કોઇ પણ ચોકક્સ કંપનીનું અમે સમર્થન કરતા નથી. તમારે માટે માફકસર વીમો શોધવા માટે ઘણી કંપનીઓ સાથે વાત કરવી ઉત્તમ છે.

"કેનેડાના મુલાકાતીઓ" એ સામાન્ય રીતે, તમારે જોઇતું વીમારક્ષણ હોઇ શકે. વીમા કંપનીને પૂછો કે શું તેઓ નવા પરદેશી વસાહતીઓને વીમા રક્ષણ પૂરું પાડે છે? **આ વીમો તમારે ઓન્ટેરિયોમાં આવ્યાના 5 દિવસની અંદર ખરીદવો જોઇશે, નહીં તો કદાચ વીમા કંપનીઓ તમને વીમા રક્ષણ પૂરું ના પણ પાડે**. વધુ જાણકારી અહીં મેળવો: 'નવા પરદેશી વસાહતીઓ માટે સ્વાસ્થ્યનો ખાનગી વીમો'.

**www.settlement.org/FD/07**

એ જાણવાનું અગત્યનું છે કે:

વીમા કંપનીઓ દરેક વ્યકિત માટે રોજનું પ્રીમીયમ લે છે. તમારી ઉમર અને કયા પ્રકારની વીમાની યોજના તમે લો છો એને આધારિત, તમારુ પ્રીમીયમ રોજના $2.00 થી રોજના $8.00 જેટલું હોઇ શકે છે.

મોટા ભાગની ખાનગી વીમા કંપનીઓ તમારા વીમો લેતા પહેલાં તમને થયેલા રોગોની સારવાર માટે ચૂકવણી કરશે નહી, ભલે પછી તે વિષે તમે જાણતા પણ ન હો.

તમે દાવો કરી શકો એ પહેલાં મોટે ભાગે એક ટૂંકો પ્રતિક્ષા ગાળો હોય છે.

મોટા ભાગના વીમામાં તબીબી કટોકટીઓ, જરુરી સારવારો, તબીબી પરિક્ષણો અને ડોકટરે સૂચવેલી દવાઓ સામેલ હોય છે.

નવા આવનારાઓ માટેની મોટા ભાગની હંગામી ખાનગી સ્વાસ્થ્ય વીમાની યોજનાઓ "નિયમિત" તબીબી તપાસો અને કુટુંબના ડોકટરની મુલાકાતો માટે ચૂકવણી કરતી નથી.

જ્યારે તમારે સ્વાસ્થ્ય સેવાઓની જરુર હોય, ત્યારે પહેલાં વીમા કંપનીને ફોન કરો અને પૂછો કે શું તેઓ એમની ચૂકવણી કરશે?

## ડોકટર અથવા દાંતના ડોકટર શોધવા

### ડોકટર

ફેમીલી ડોકટરને કુટુંબના ફીઝિશિયન, જનરલ પ્રેકટીશનર અથવા G.P. પણ કહેવામાં આવે છે જ્યારે તમને સારુ ના હોય અથવા તમે માંદા હો ત્યારે સામાન્ય રીતે તમે તમારા ફેમીલી ડોકટરને સૌથી પહેલા મળો છો. તમારે નવા દર્દીઓ લેતા હોય તેવા ડોકટર શોધવાની જરુર છે.

જ્યારે તમે માંદા હો, ત્યારે જો તમારો ફેમીલી ડોકટર હોય, તો તમે આ ડોકટર પાસે જાઓ છો, સિવાય કે કટોકટી હોય અને તમારે હૉસ્પિતાલે જવું પડે. તમારા ડોકટર તમારી તબીબી પરિસ્થિતિઓ અને સારવારોની નોંધ રાખે છે અને તમને અને તમારા કુટુંબને જાણે સમજે છે.

## ફેમીલી ડોકટર કેવી રીતે શોધવા

**ડોકટરી સેવા શોધવી:** તમારા વિસ્તારમાં ડોકટર શોધવા માટે ઓન્ટેરિયોના ફીઝિશિયનો અને સર્જનોની કોલેજની "ડોકટરી સેવાની શોધ" નો ઉપયોગ કરો. ઓન્ટેરિયોમાં કોઇ પણ જગ્યાએથી **1-800-268-7096 એક્સ્ટ. 626 (Toronto – 416-967-2626)** પર તમે ફોન કરી શકો છો.

**યલો પેજીઝ:** ડોકટર શોધવાની અન્ય રીત તમારા સ્થાનિક ટેલીફોન પુસ્તકના યલો પેજીઝ જોવાની છે. ફેમીલી મેડીસીન, ફેમીલી પ્રેકટીસ અથવા ફેમીલી ફીઝિશિયન માટે "ફીઝિશિયનો અને સર્જનો" માં જુઓ.

તમારા મિત્રો અથવા સંબંધીઓને પણ તમે પૂછી શકો છો કે કદાચ તેઓના ડોકટર નવા દર્દીઓ લેતા હોય. ફેમીલી ડોકટર શોધવાનો પ્રયત્ન કરવા માટે તમે માંદા પડો ત્યાં સુધી રાહ જોશો નહી.

નવા દર્દીઓ લેતા ડોકટર કદાચ તમારા વિસ્તારમાં તમને ન પણ મળે. તમને વોક-ઇન તબીબી દવાખાનામાં જવાની જરુર પડી શકે. આ દવાખાનાઓમાં ડોકટરો, પરિચારીકાઓ અને અન્ય સ્વાસ્થ્ય કર્મચારીઓ હોય છે. કટોકટી સિવાયની સ્વાસ્થ્ય મુશ્કેલીઓ માટે ઘણી હૉસ્પિતાલોમાં વોક-ઇન દવાખાનાઓ હોય છે. કેટલાક દવાખાનાના કલાકો લંબાવેલા હોય છે જેથી રાત્રે અને વીકએન્ડમાં તમે ડોકટરની મુલાકાત લઇ શકો.

વોક-ઇન દવાખાનાનો ઉપયોગ ફેમીલી ડોકટરના હોવા જેટલો સારો નથી, પરંતુ તેમ છતાં તમે ડોકટરની તબીબી સંભાળ ચોકકસ મેળવશો. મોટા ભાગના વોક-ઇન દવાખાનાઓમાં મુલાકાત નિર્ધારિત કરવાની જરુર હોતી નથી, પરંતુ ડોકટરને મળવા માટે કદાચ કલાક સુધી રાહ જોવી પડે. તમારી નજીકનું વોક-ઇન દવાખાનું શોધવા માટે તમારા સ્થાનિક ટેલીફોન પુસ્તકના યલો પેજીઝમાં "કલીનીકસ-મેડીકલ" માં જુઓ.

## દાંતના ડોકટર

**દાંતના ડોકટરની સેવા શોધવી:** તમારા વિસ્તારમાં દાંતના ડોકટર શોધવા માટે ઓન્ટેરિયો ડેન્ટિસ્ટસ્ એસોસિયેશનની "ડેન્ટિસ્ટસ્ શોધવાની સેવા" નો ઉપયોગ કરો. ટોરોન્ટો સિવાય ઓન્ટેરિયોમાં કોઇ પણ જગ્યામાં દાંતના ડોકટર શોધવા માટે **416-922-3900** પર ફોન કરો. આ લાંબા અંતરના ફોન માટે ખર્ચ થશે.

ટોરોન્ટોમાં દાંતના ડોકટર શોધવા, ટોરોન્ટોની ડેન્ટિસ્ટ્રી એકેડેમીને **416-967-5649** પર ફોન કરો.

**યલો પેજીઝ:** તમે સ્થાનિક ટેલીફોન પુસ્તકના યલો પેજીઝમાં 'ડેન્ટિસ્ટસ્' હેઠળ પણ જોઇ શકો છો.

## દાંતના દવાખાનાના કાર્યક્રમો

જો તમારા શહેરમાં યુનિવર્સિટી અથવા કોલેજ હોય તો જનસમુદાય માટે એમાં દાંતના દવાખાનાનો કાર્યક્રમ હોઇ શકે છે. તાલીમ પામેલા ડેન્ટિસ્ટસ્ સેવા આપનારા ડેન્ટલ વિદ્યાર્થીઓનું નિયમન કરે છે. સેવા નિ:શુલ્ક નથી, પરંતુ દાંતના ડોકટર પાસે જવા કરતાં એનો ખર્ચ ઓછો થાય છે.

ઓન્ટેરિયોની સ્વાસ્થ્યવીમાની યોજના (OHIP) મોટા ભાગની દાંત સંબંધી સેવાઓની ચૂકવણી કરતી નથી. જો દર્દીનું જીવન ભયમાં હોય, અને જો હોસ્પિતાલની સારવાર જરુરી હોય ત્યારે જ માત્ર OHIP ચૂકવણી કરે છે.

ઓન્ટેરિયોના મોટા ભાગના શહેરોમાં, સ્થાનિક સમાજ અથવા જાહેર સ્વાસ્થ્ય વિભાગ દાંત સંબંધી કેટલીક સેવાઓ નિ:શુલ્ક આપે છે. જો કે, આ સેવાઓ માત્ર ચોકકસ લોકો (જેમ કે લાયકાત ધરાવતા મોટી વયના લોકો અને બાળકો) ને માટે જ ઉપલબ્ધ છે. તમારા સમાજમાં કઇ સેવાઓ ઉપલબ્ધ છે એની માહિતી મેળવવા માટે તમારા સ્થાનિક સમાજનો અથવા જાહેર સ્વાસ્થ્ય વિભાગનો સંપર્ક કરો.

વધુ જાણકારી મેળવવા માટે 'હું દાંતના ડોકટર કેવી રીતે શોધું?' માં **www.settlement.org/FD/08** પર તપાસ કરો.

## સામાજીક સ્વાસ્થ્ય કેન્દ્રો

જો તમને સ્વાસ્થ્ય સંભાળની જરુર હોય પરંતુ OHIP કાર્ડ ના હોય, તો સામાજીક સ્વાસ્થ્ય કેન્દ્ર (CHC) પર તમે મદદ મેળવી શકો છો. સામાજીક સ્વાસ્થ્ય કેન્દ્રો પરની સેવાઓ નિ:શુલ્ક હોય છે અથવા નજીવી ફી ચૂકવવી પડે છે. બધી સેવાઓ ગુપ્ત રખાય છે.

## કટોકટીની વેળાઓ અને હોસ્પિતાલો

તમે હોસ્પિતાલમાં માત્ર તબીબી કટોકટીની વેળામાં, શસ્ત્રક્રિયા માટે, બાળકને જન્મ આપવા અથવા વિશિષ્ટ પરિક્ષણો કે તબીબી સારવાર કરાવવા માટે જ જાઓ છો. જ્યારે તમે હોસ્પિતાલ જાઓ ત્યારે તમારું OHIP કાર્ડ (સ્વાસ્થ્ય કાર્ડ) તમારી સાથે હોવું જરુરી છે.

## તબીબી કટોકટીની વેળાઓ

ગંભીર તબીબી કટોકટી માટે તમારા ફોન પરથી 911 જોડો. જો તમે અથવા તમારા કુટુંબના કોઇ વ્યકિત અચાનક ગંભીર બીમાર થઇ જાય (ભયંકર દુ:ખાવો હોય, બેભાન હોય, શ્વાસ ન લઇ શકતા હોય, પુષ્કળ લોહી વહેતું હોય, વાઇ આવતી હોય અથવા ગંભીર અકસ્માત થયો હોય) તો તમારે 911 પર ફોન કરવો પડે.

જો તમે અંગ્રેજી બોલતા ના હો, તો કેવળ "હેલ્પ!" કહો અને તમે બોલો છે એ ભાષા ઓપરેટરને કહો. તમારી ભાષા બોલતો દુભાષિયો તેઓ મેળવશે. એમ્બ્યુલન્સ, પોલિસ અને અગ્નિશમનવાળા બધા એકી સમયે આવશે.

ફોન ઉપર નીચેની માહિતી પૂરી પાડવા તૈયાર રહો:
- શું બની રહ્યું છે એનું વર્ણન
- તમે કયાં છો
- તમારું નામ, સરનામું અને ટેલીફોન નંબર

એટેડન્ટ તમને ફોન બંધ કરવાનું ના કહે ત્યાં સુધી ફોન ચાલુ રાખો.

જો કટોકટીમાં તમે સૌથી નજીકની ઇસ્પિતાલમાં જાઓ તો કટોકટી (ઇમરજન્સી) વિભાગ અથવા કટોકટીના રુમ (ER) માં જાઓ. ER મોટે ભાગે ઘણો કામમાં રહેતો હોય છે. તમારું જીવન ભયમાં ન હોય, તો ડોક્ટર મળતાં પહેલાં ઘણાં કલાકો લાગી શકે છે.

જો તમારી પાસે OHIP અને ખાનગી સ્વાસ્થ્ય વીમો ના હોય તો ઇસ્પિતાલ તમને એમ્બ્યુલન્સ પરિવહન માટેનું અને તમને જરુરી હતી એવી અન્ય કોઇ પણ તબીબી સેવાઓનું બિલ મોકલશે.

## કપરી વેળાએ મદદ

ક્રાઇસીસ (કટોકટીની વેળા) અથવા ડિસ્ટ્રેસ (સંતાપ) કેન્દ્રો દિવસના 24 કલાક, અઠવાડિયાનાં 7 દિવસ, નિ:શુલ્ક અને ગુપ્તતા જળવાય તેવા સલાહસૂચન ટેલીફોન પર આપે છે. જો
- તમે આત્મહત્યા વિષે વિચારી રહયા હો તો
- તમને લાગે કે અન્ય કોઇ વ્યક્તિ આત્મહત્યા કરવાનું વિચારી રહી છે તો
- તમારે બસ વાતચીત કરવાની જરુર હોય તો ક્રાઇસીસ કેન્દ્રને ફોન કરો

તમે ક્રાઇસીસ/ડિસ્ટ્રેસના ફોન નંબરો **www.settlement.org/FD/04** પરથી મેળવી શકો છો

## ટેલીહેલ્થ ઓન્ટેરિયો

જો તમે માંદા હો પરંતુ જાણતા ન હો કે તમારી સ્થાનિક ઇસ્પિતાલમાં કટોકટીના વિભાગમાં જવાની તમને જરુર છે કે નહીં, તો ટેલીહેલ્થ ઓન્ટેરિયોને ફોન કરો.

ટેલીહેલ્થ ઓન્ટેરિયો એ નિ:શુલ્ક, ગુપ્તતા જાળવે તેવી એવી ટેલીફોન સેવા છે જેના પરથી તમે રજીસ્ટર્ડ નર્સ પાસેથી સ્વાસ્થ્ય સલાહ મેળવી શકો છો. એ દિવસના 24 કલાક અને અઠવાડિયાના 7 દિવસ ઉપલબ્ધ સેવા છે. સેવા અંગ્રેજી અને ફ્રેન્ચમાં પૂરી પડાય છે, અને અન્ય કેટલીક ભાષાઓ માટે દુભાષિયાની સેવા ઉપલબ્ધ છે.

**ઓન્ટેરિયોમાં કોઇ પણ જગ્યાએથી 1-866-797-0000 પર ફોન કરો.**

જ્યારે તમે ટેલીહેલ્થ ઓન્ટેરિયોને ફોન કરો, ત્યારે તમે રજીસ્ટર્ડ નર્સ સાથે વાત કરશો. પરિચારીકા તમને તમારી તકલીફ વર્ણવવા કહેશે અને તમારી તકલીફ કેટલી ગંભીર છે એ વિષેના સવાલોના જવાબ આપશે. પછી પરિચારીકા તમને કહેશે કે તમારે કેવી જાતની પોતાના માટે કાળજી લેવી, અથવા જો તમારે ડોક્ટરની મુલાકાત લેવાની જરુર હોય તો તેમ તમને કહેશે અથવા તમારી નજીકના સામાજીક માહિતી કેન્દ્રના ફોન નંબરો તમને આપશે.

જો તમે જાણતા હો કે આ કટોકટીની પળ છે તો ટેલીહેલ્થને ફોન કરશો નહી – 911 એ પ્રથમ નંબર છે જે તમારે કટોકટી માટે તરત જ જોડવો જોઇએ.

## સામાજીક અથવા જાહેર આરોગ્ય ખાતાંઓ

જાહેર આરોગ્ય ખાતું જાહેર જનતા અથવા પૂરા જનસમુદાયના સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જાહેર આરોગ્ય કર્મચારીઓમાં ડોક્ટરો, દાંતના ડોક્ટરો, પરિચારીકાઓ, ન્યુટ્રિશનીસ્ટ્સ અને અન્ય ઘણાં સ્વાસ્થ્ય

સંભાળના કર્મચારીઓનો સમાવેશ થાય છે. જાહેર આરોગ્ય ખાતું ત્રણ વિભાગમાં સેવાઓ પૂરી પાડે છે: સ્વાસ્થ્ય રક્ષણ (રોગ ફેલાતો અટકાવવો), સ્વાસ્થ્યની તકલીફોની સમયસરની પિછાણ, અને સ્વાસ્થ્ય માટે પ્રોત્સાહન (તંદુરસ્તપણે જીવવાની રીતો પર લોકોને શિક્ષીત કરવા).

જાહેર આરોગ્ય કર્મચારીઓ શાળાઓ અને કામકાજની જગ્યાઓએ માહિતી અને સેવાઓ આપે છે. ઉદાહરણ તરીકે, જાહેર સ્વાસ્થ્ય પરિચારીકા તમારા બાળકોને રોગ વિરોધી રસીકરણ કરી શકે છે અથવા બધા બાળકોને શાળામાં માથાની જૂ માટે તપાસી શકે છે.

જો સીટીઝનશીપ અને ઇમિગ્રેશન કેનેડાએ તમને ચાંપતી તબીબી દેખરેખની તમારી બાંહેધરીનું ફોર્મ (Medical Surveillance Undertaking form) આપ્યું હોય તો કેનેડામાં પ્રવેશ્યાના 30 દિવસની અંદર તમારા સ્થાનિક જાહેર સ્વાસ્થ્ય વિભાગની મુલાકાત લેવાની તમારે જરુર છે.

## દવાઓ/દવાઓની લેખિત સૂચનાઓ (પ્રીસ્ક્રીપ્શન્સ)

ઓન્ટેરિયોની સ્વાસ્થ્ય વીમાયોજના(OHIP)માં દવાની સૂચનાઓ (ડ્રગ પ્રીસ્ક્રીપ્શન)નો સમાવેશ થતો નથી.

જો તમારા ડોક્ટર તમને દવા માટેની લેખિત સૂચના આપે તો તમારે એ ફાર્માસિસ્ટ (કેમિસ્ટ) પાસે લઇ જવું જોઇએ. ફાર્માસિસ્ટો સ્વાસ્થ્ય સંભાળના વ્યવસાયીઓ છે જેઓ તમારા ડોક્ટરોએ આપેલી સૂચના પ્રમાણેની દવાઓ તમને આપી શકે છે. તેઓ વિશાળ સ્ટોર્સ, ઇસ્પિતાલો અને સામાજીક સ્વાસ્થ્ય કેન્દ્રોમાંની દવાની દુકાનોમાં અથવા ફાર્મસીઓમાં કામ કરે છે.

ફાર્માસિસ્ટો:

- તપાસે છે કે તમારી લેખિત સૂચનાની દવાની માત્રા, દવાનો જથ્થો સાચો છે
- સંભવિત આડ અસરો વિષે તમને જણાવે છે
- તમે લેતા હો એવી બીજી દવાઓની સાથેના તેના પ્રત્યાઘાતો તપાસે છે
- સમજાવે છે કે દવાઓ કેવી રીતે લેવી
- દવાઓ વિષેનાં તમારા કોઇ પણ સવાલોનાં જવાબ આપે છે

દવાની લેખિત સૂચનાઓ (પ્રીસ્ક્રીપ્શન) ઘણી ખર્ચાળ હોઇ શકે છે.

સામાન્ય રીતે દવાની ફાર્મસી તમારી પાસેથી દવાના વિતરણની ફી લે છે. આ દવાના વિતરણની ફી એ દવા તૈયાર કરવા માટે ફાર્મસી લેતી હોય છે. દવાના વિતરણ માટે ઓન્ટેરિયોની ફાર્મસીઓ $1.99 થી લઇને $16.95 સુધીની કિંમત લે છે. દવાઓની કિંમતની ઉપર ફાર્માસિસ્ટ આ વસૂલાત ઉમેરે છે.

ઓન્ટેરિયોમાં સ્વાસ્થ્ય સંભાળ વિષે વધુ જાણકારી Settlement.Org પર **www.settlement.org/FD/09** માં મેળવો.

# રોજગાર

## સામાજીક વીમા નંબર (સોશિયલ ઇન્શ્યોરન્સ નંબર - SIN)

કેનેડામાં કામ કરવા માટે તમારી પાસે સામાજીક વીમા નંબર (SIN) હોવો જ જોઇએ.

આ નંબર વિના નિયોક્તા તમને નોકરીએ રાખે એ કાયદેસર નથી. તમે આ નંબરનો ઉપયોગ સરકારી સેવા માટે અરજી કરવા અથવા તમારા કરો ચૂકવવા માટે પણ કરો છો.

## SIN માટે અરજી કરવી

SIN માટે અરજી કરવા માટે તમારે “સર્વિસ કેનેડા સેન્ટર” પર જવાનું હોય છે. તમારી સૌથી નજીકના કેન્દ્રની જાણકારી મેળવવા **1-800-206-7218** પર ફોન કરો, અથવા **www.settlement.org/FD/04** ની મુલાકાત લો.

‘સર્વિસ કેનેડા સેન્ટર’ પર તમારે અરજી ફોર્મ ભરવાનું હોય છે. તમે કોણ છો તે અને પરદેશી વસાહતી તરીકેનો તમારો દરજ્જો પ્રમાણિત કરવા માટે તમારે તમારા દસ્તાવેજો તેઓને બતાવવા જોઇશે. કયા દસ્તાવેજો તેઓ સ્વીકારે છે એ જાણવા માટે ‘સર્વિસ કેનેડા’ની વેબસાઇટ **www.settlement.org/FD/21** ની મુલાકાત લો અથવા ઉપરના નંબરે ફોન કરો. જ્યારે તેઓ તમારી અરજી સ્વીકારશે ત્યારે તમારા SIN સાથેનું કાર્ડ તેઓ તમને મોકલશે.

## તમારા નિયોક્તાને તમારું SIN કાર્ડ બતાવવા વિષે

નિયોક્તાઓએ બધા નવા કર્મચારીઓને કામે રાખ્યા પછી તરત તેઓનું SIN કાર્ડ જોવા માંગવું જોઇએ. કામ શરુ કર્યાના ત્રણ(3) દિવસની અંદર તમારે તમારું SIN કાર્ડ તમારા નિયોક્તાને બતાવવું જોઇશે.

જો તમારુ SIN “9” થી શરુ થતું હોય તો એ હંગામી SIN છે. નિયોક્તા તમને કામે રાખી શકે એ પહેલાં તેણે સીટીઝનશીપ અને ઇમિગ્રેશન કેનેડાની તમારી રોજગાર મંજૂરી (વર્ક પરમિટ) પણ જોવા માંગવી જોઇશે.

## તમારું SIN કાર્ડ તમારે હંમેશા બતાવવું પડતું નથી

ઘણાં ધંધાઓ ઓળખ તરીકે અથવા તમારી પ્રતિષ્ઠાનું મૂલ્યાંકન (ક્રેડિટ રેટીંગ) જોવા SIN કાર્ડ માંગે છે.

તમારું SIN કાર્ડ એ ઓળખપત્ર નથી. જે લોકોને જરુરનું નથી તેવાને તમારું SIN કાર્ડ બતાવશો નહીં, અથવા તમારો નંબર આપશો નહીં. એવો કોઇ કાયદો નથી કે જે ધંધાઓને તમારા SIN માટે પૂછતાં અટકાવી શકે, પરંતુ તમારે એ તેઓને બતાવવાની જરુર નથી.

કેટલાંક લોકો ચોરાયેલા અથવા ગૂમ થયેલાં કાર્ડનો ઉપયોગ અગત્યની અંગત માહિતી મેળવવા માટે અથવા લોકો, સરકાર અને ધંધાઓ પાસેથી ચોરી કરવામાં કરે છે.

જો કોઇ વ્યકિતને નોકરી મળે અને તે તમારો SIN વાપરે, તો તેણે કમાયેલા નાણાં પરનાં કર તમારે ચૂકવવાં પડે છે.

કાયદો કહે છે કે બધા સ્તરોના સરકારી વિભાગો અને જેમની પાસેથી તમે આવક અથવા વ્યાજ કમાઓ છો એવી બધી સંસ્થાઓ (બેંકો, ક્રેડિટ યુનિયનો)ને તમારે તમારો SIN બતાવવો પડે.

## નોકરી શોધવા વિષે

Settlement.Org ના ચર્ચાના ફોરમ્સ પર ઘણાં નવા આવનારાઓ “શું ઓન્ટેરિયોમાં કામ શોધવું સહેલું છે?” એવો સવાલ પૂછે છે. ‘તમારી કુશળતાઓ અને અનુભવને યોગ્ય કામ કેનેડામાં શોધવું હંમેશા સહેલું નથી’ તે સિવાય અન્ય તેનો કોઇ સરળ જવાબ નથી .

તમે ઘણી વાર સાંભળશો કે નિયોક્તાઓ 'કેનેડાનો અનુભવ' માંગે છે. શા માટે તેઓ કેનેડાનો અનુભવ માંગે છે? નિયોક્તાઓ માને છે કે તેનાથી એ સાબિત થાય છે કે તમારી પાસે ભાષાની અને વાતચીત કરવાની સારી કુશળતાઓ છે અને તમે જાણો છો કે કેનેડાની ધંધાકીય સંસ્કૃતિ કેવી રીતે કામ કરે છે.

તમારા પરદેશી શિક્ષણ અને કામના અનુભવનું મૂલ્ય કેવી રીતે બતાવવું તે તમારે શીખવાની જરૂર છે. તમારા અનુભવનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે ઘણાં નિયોક્તાઓ જાણતા નથી હોતા, તેથી તે અનુભવ કેવી રીતે તેમને માટે મૂલ્યવાન થઇ શકે એ તમારે તેમને બતાવવાની જરૂર છે.

## ભાષાની કુશળતાઓ

જો આ માર્ગદર્શિકા તમારા માટે વાંચવી મુશ્કેલ હોય, તો ઓન્ટેરિયોમાં તમે પ્રૌદ્યોગિક (ટેકનીકલ) અંગ્રેજી ભાષામાં કામ કરતા સ્થળ પર કામ કરવા માટે તૈયાર નથી. જ્યારે તમે ઓન્ટેરિયો રહેવા આવો ત્યારે તમારી પાસે અંગ્રેજીની સારી કુશળતાઓ હોય એ ઘણું અગત્યનું છે.

પ્રાંતની મુખ્ય ભાષા અંગ્રેજી છે. વાકપટુતાથી તમારા કામમાં મદદ રહેશે, અને તમારા નવા સમાજમાં ઠરીઠામ થવાનું એ સહેલું બનાવશે. ઘણાં જનસમુદાયો બહુભાષી છે અને તમારી ભાષા બોલતા લોકો તમે મેળવી શકો છો. પરંતુ જો તમારું ધ્યેય ઓન્ટેરિયોમાં કાયમી વસવાટ કરવાનું હોય, તો તમારે અંગ્રેજીમાં સારી રીતે બોલતાં, વાંચતાં અને લખતાં શીખવું જોઇશે.

## ધંધાકીય સંસ્કૃતિ

તમારા દેશમાં લોકો જે રીતે બાબતો હાથ ધરે છે એની સાથે સરખાવતાં, કદાચ કેનેડામાં કામ અને ધંધો કરતા લોકોમાં થોડાં તફાવતો તમે જુઓ. દરેક દેશમાં લોકોની ધંધો કરવાની રીતભાતો અન્ય દેશો કરતા અલગ હોય છે. એ કઇ રીતે અલગ હશે એ કોઇ પણ બરાબર રીતે કહી શકે નહી. એનું જ્ઞાન મેળવવા માટે તમારે ઓન્ટેરિયોમાં કામ કરવાની જરૂર છે. પછી તમે જોઇ શકશો કે નિયોક્તાને કેવી રીતે સહમત કરાવવા કે તેઓ ઇચ્છે છે એ જ પ્રકારના તમે કર્મચારી છો અને તેઓની કંપની માટે તમે યોગ્ય છો.

એ સ્વીકારવું મુશ્કેલ છે, પરંતુ તમારી કલ્પનાની નોકરી તમે તરત ના પણ મેળવી શકો. જ્યારે તમે આવો ત્યારે શરુઆતમાં તમારે "જીવન ટકાવવા માટેની નોકરી" પણ સ્વીકારવી પડે. જો તમે નસીબદાર હો તો આ નોકરી તમારા વ્યવસાયમાં જ હોઇ શકે છે, પરંતુ તમે આવ્યા એ પહેલાં તમારી જેવી નોકરી હતી એના કરતાં તે નીચલા સ્તરની હશે.

## નોકરીની શોધ

કામ શોધવામાં નવા આવનારાઓને અલગ અલગ અનુભવો થાય છે. કેટલાક લોકોને જે પ્રકારની નોકરી તેઓ કરતા હતા એવા જ પ્રકારની નોકરી થોડાંક મહિનાઓમાં જ મળી જાય છે. બીજાઓને તે માટે, વર્ષો લાગી શકે છે. તમે આવો એ પહેલાં કેનેડાના નોકરીના બજારનું સંશોધન કરવામાં સમય લો. તમને કઇ સહાયતા ઉપલબ્ધ છે અને ઓન્ટેરિયોમાં કેવી રીતે વધુ સહેલાઇથી નોકરી મળે એની માહિતી મેળવો.

ઓન્ટેરિયોમાં નોકરીની શોધો તમારા અનુભવથી ઘણી જુદી હોઇ શકે છે. તમારા માટે કદાચ 'નોકરી માટે શોધની જરૂર પડે' તેની પણ નવાઇ હોઇ શકે છે. તમારે રીઝ્યુમે કેવી રીતે લખવું અથવા તમારા કામનો પોર્ટ ફોલિયો કેવી રીતે બનાવવો તે પણ શીખવું પડે. શું તમે જાણો છો કે તમારા ઉદ્યોગમાંના નિયોક્તાઓ તમારી પાસે કયા પ્રકારના રીઝ્યુમેની આશા રાખે છે? કેનેડામાં નોકરી મેળવવા માટે તમારે મદદ મેળવવાની જરૂર પડી શકે છે.

## મદદ મેળવવી

લોકો માટે સરકાર નોકરીઓની વ્યવસ્થા કરતી નથી. તેઓની પાસે કાર્યક્રમો હોય છે જે તમારા માટે નોકરી શોધવામાં મદદ કરશે. પણ આ કાર્યક્રમો તમને નોકરી અપાવશે નહી. જો કોઇ કહે કે તેઓ તમને નોકરીની બાંહેધરી આપે છે તો તેઓ તમને કાંઇક વેચવા માંગે છે. એવા લોકોને નાણાં આપવામાં ઘણાં સાવધ રહો.

નવા આવનારાઓને નોકરીઓ શોધવામાં મદદ કરવા માટે ઘણી સામાજીક સંસ્થાઓ રોજગાર સેવાઓ પૂરી પાડે છે. તમારા સમાજમાં આ સેવાઓ મફતમાં ઉપલબ્ધ છે.

ઓન્ટેરિયોમાં નવા આવનારાઓ માટે નોકરીઓ મેળવવી સહેલી નથી. શા માટે? અહીં એવી કેટલીક બાબતો છે જેનું જ્ઞાન મેળવવાની અથવા એ વિષે વિચારવાની તમારે જરૂર પડે:

- જાહેરાત નહીં અપાયેલી નોકરીઓ કેવી રીતે શોધવી.
- ખાતરી કરવી કે તમને જોઇતી નોકરી માટે તમારી ભાષાની કુશળતાઓ સારી રીતે પૂરતી છે.
- શું તમારી પહેલી નોકરી નીચલી કક્ષાથી, અથવા નાની અને મધ્યમ-કદની કંપનીઓમાં શરુ કરવા તમે તૈયાર છો?
- શું તમે કેનેડાની કામકાજની સંસ્કૃતિ સમજો છો, તેમ જ વાતચીત કરી શકવાની, ટીમવર્કની અને સંચાલનની કુશળતાઓનું મહત્વ સમજો છો?

જ્યારે તમે ઓન્ટેરિયોમાં પહેલાં આવો ત્યારે કેનેડાની કામકાજની સંસ્કૃતિ વિષે બધી બાબતોની તમને જાણ હોય જ તેવી આશા તમે રાખી શકો નહી. ઘણું બધું શીખવાનું છે, પરંતુ એવા ઘણાં બધા લોકો છે જેઓ તમને મદદ કરી શકે.

શ્રેષ્ઠ બાબતોમાંની એક, જે તમે કરી શકો, એ મદદ માંગવાની છે. વસાહતી સંસ્થાઓ તમને નોકરી શોધવામાં અને તમારા સમાજમાં ઠરીઠામ થવામાં મદદ કરી શકે છે.

કેટલીક સામાજીક સેવાઓ તમને વ્યક્તિગત ધોરણે સલાહ આપવામાં મદદ કરી શકે છે. કર્મચારીઓનો એક સભ્ય તમારું રિઝ્યુમે અને તેને સંલગ્ન પત્ર (કવર લેટર) બનાવવામાં અને સ્થાનિક કંપનીઓ શોધવામાં તમને મદદ કરશે. જ્યારે બીજાઓ પાસે એવા કાર્યક્રમો છે કે જેમાં ‘કેનેડામાં તમારી કારકિર્દીનું કામ કેવી રીતે શોધવું’ એ વિષે તમે વર્ગરુમમાં શીખો છો.

કાર્યક્રમમાંથી મદદ લીધા વિના, તમે 200 રિઝ્યુમે મોકલો અને છતાં કોઇ જવાબ કદાચ ના મળે. તમે ખરેખર ઇચ્છેલી નોકરી તમે મદદ વડે શોધી શકો છો.

ઓન્ટેરિયોમાં પરદેશી વસાહતી સેવા આપતી દરેક સંસ્થા તમારી નોકરીની શોધની શરુઆતમાં તમને કાંઇક મદદ આપી શકે છે. તમારી નજીકની સંસ્થાઓ શોધવા માટે અમારા “ઘરની નજીકમાં મદદ મેળવો” વિભાગની મુલાકાત **www.settlement.org/FD/04** પર લો.

નીચે જણાવેલા ચોક્કસ સમૂહો માટેની રોજગાર સેવાઓ વિષે પણ તેઓ તમને કહી શકશે:

- આંતરરાષ્ટ્રીય સ્તરે શિક્ષિત વ્યવસાયીઓ અને કસબી કારીગરો
- સ્ત્રીઓ
- તરુણો
- મોટી વયના કામ કરનારાઓ

ઓન્ટેરિયોની ઘણી વસાહતી સંસ્થાઓ નવા આવનારાઓને કેનેડામાં કામ શોધવા માટેનું જ્ઞાન મેળવવામાં મદદ કરવા માટે નિ:શુલ્ક “નોકરીની શોધના વર્કશોપ્સ” પૂરા પાડે છે. વર્કશોપ્સ 3 થી 4 દિવસો ચાલે છે. તેમાં ભાગ લેવા માટે તમે કાયમી વસાહતી હોવા જોઇએ કે જેઓ કેનેડામાં કાયદેસર રીતે કામ કરી શકે.

તમારી નોકરીની શોધમાં તમે ત્રાસી જઇ શકો છો કારણકે તમે જાણતા નથી કે ધંધાઓ તમારી કુશળતાઓવાળી વ્યક્તિને કામે રાખવા કેમ ઇચ્છતા નથી. તમારે જાણવું જોઇશે કે નોકરી કરવા માટે જોઇતી કુશળતાઓ ઉપરાંત નિયોક્તાઓ એવું તે શું વધારે ઇચ્છે છે?

નવી કુશળતાઓ શીખવાની અથવા તમારી કુશળતાઓને આગળ ધપાવવાની તમને કદાચ જરૂર પડી શકે અથવા તમે ઇચ્છા કરી શકો. ઘણી રીતો છે જેનાથી તમે મદદ અને તાલીમ મેળવી શકો છો. કેટલીક તાલીમમાં નાણાં ખર્ચવા પડે છે. અમુક ચોક્કસ સમૂહોના લોકો માટે તેમાંની કેટલીક નિ:શુલ્ક છે. તમે કઇ તાલીમ લઇ શકો એ વિષે વધુ જાણકારી મેળવવામાં વસાહતી સંસ્થાઓ તમને મદદ કરી શકે છે.

## રોજગારનાં ધોરણો

ફેડરલ અને પ્રાંતીય મજૂરના કાયદાઓ કામદાર તરીકેના તમારા અધિકારોનું રક્ષણ કરે છે. ઓન્ટેરિયો એમ્પ્લોયમેન્ટ સ્ટાન્ડર્ડ્સ એક્ટ ઓન્ટેરિયોના મોટા ભાગના કામદારોને રક્ષણ આપે છે.

તમારી વય, જાતિ, ધર્મ, વંશ અથવા જાતિય અભિરૂચિના કારણે કોઇ પણ તમારી સામે ભેદભાવ ઉભો કરી શકે નહી. કોઇ પણ નિયોક્તા જો તમારી સામે આ કારણોસર ભેદભાવ ઉભો કરે તો તે કાયદાનો ભંગ કરે છે.

કાયદા હેઠળ કામદારોની પણ જવાબદારીઓ હોય છે. કામ પર કાયદાઓ તમને કેવી રીતે સલામત અને તંદુરસ્ત રાખી શકે છે એ વિષેનું જ્ઞાન તમારે મેળવવું જોઇએ. જો તમે ઇચ્છો કે કામ પર તમારી સાથે બીજાઓ ન્યાયપૂર્ણ વ્યવહાર કરે, તો તમારે કાયદાઓ શું કહે છે એનું જ્ઞાન મેળવવાની જરૂર છે.

કામ પરના તમારા અધિકારો અને જવાબદારીઓ વિષે વધુ જાણકારી માટે, તમે Settlement.Org પર “રોજગાર સ્ટાન્ડર્ડ્સ” વિભાગની મુલાકાત અહીં **www.settlement.org/FD/10** પર લઇ શકો છો.

## શિક્ષણ અને કામની કુશળતાઓનું મુલ્યાંકન કરવું

જો તમે નોકરી માટે અથવા શિક્ષણ સંબંધી કાર્યક્રમ માટે અરજી કરો તો નિયોક્તા અથવા શાળા તમારા શિક્ષણ અથવા તાલીમના સ્તરની સાબિતી માટે તમને પૂછી શકે છે. નિયોક્તા અથવા શાળા તમારી તાલીમને કેનેડામાં અપાતા ડિપ્લોમા અથવા સર્ટિફિકેટ્સ્ સાથે કેવી રીતે સરખાવાય એ પણ જાણવા માંગશે.

**તમારે તેઓને દેખાડવા માટે પ્રમાણપત્રનું મૂલ્યાંકન કરાવવાની જરૂર પડશે.**

પ્રમાણપત્રના મૂલ્યાંકનનો અર્થ તમારા શૈક્ષણિક પ્રમાણપત્રોને તેઓના કેનેડિયન મૂલ્યો સાથે સરખાવવાનો છે. જ્યારે તમે તમારા શૈક્ષણિક પ્રમાણપત્રોના દસ્તાવેજોનું મૂલ્યાંકન કરાવો, ત્યારે તમને લેખિત અહેવાલ અથવા પત્ર મળશે જે તમારા દરેક સર્ટિફિકેટ, ડિપ્લોમા અથવા ડીગ્રીને વર્ણવે છે. આ પત્ર તમને જણાવશે કે તમારા ગુણ અને દસ્તાવેજોનાં કેનેડિયન મૂલ્યો શું છે.

જો તમે વ્યવસાય અથવા કસબનું કામ કરવા ઇચ્છતા હો અને વ્યાવસાયિક શિર્ષક (જેમ કે ઇજનેર અથવા હેર ડ્રેસર) વાપરતા હો, તો તમારી પાસે તે માટેનો પરવાનો અથવા પ્રમાણપત્ર હોવું જોઇએ. આ પરવાનો મેળવવા માટે તમારે તમારા વ્યવસાયનું નિયમન કરતા મંડળમાં નામ નોંધાવવાની જરૂર પડશે. કેટલીક શાળાઓની જેમ આ જૂથોની મૂલ્યાંકનની પોતાની પ્રક્રિયા હોય છે.

પ્રમાણપત્રના મૂલ્યાંકન માટે નાણાં ખર્ચવા પડે છે. મૂલ્યાકન માટે ચૂકવણી કરો એ પહેલાં તમે નિયોક્તા, શાળા અથવા તમારા વ્યવસાયનું નિયમન કરતા મંડળ સાથે તેમને કેવા પ્રકારના મૂલ્યાંકનની જરૂર છે એ વિષે વાત કરો.

નિયોક્તા માટે તૈયાર કરેલું મૂલ્યાંકન શૈક્ષણિક કાર્યક્રમ માટે તૈયાર કરેલા મૂલ્યાંકનના જેવું નહીં હોય.

જ્યારે તમે કેનેડા આવો, ત્યારે તેઓની સેવાનો ઉપયોગ કરતાં પહેલાં જુદી જુદી મૂલ્યાંકન સેવાઓ અને તેમનાં અહેવાલો જુઓ. તમારે મૂલ્યાંકનોની રોજગાર, ઇમિગ્રેશન, ઉચ્ચ શિક્ષણ, પરવાના મેળવવામાં અને ઉમેદવારપણાની તાલીમ માટે પણ જરૂર પડે. આમાંના દરેક હેતુઓ માટે અલગ અલગ ખરીદવાને બદલે ઘણાં હેતુમાં ઉપયોગી થાય તેવો એક જ અહેવાલ મેળવવાનો પ્રયત્ન કરો.

આ બધા ક્ષેત્રો વિષે વધુ માહિતી માટે, Settlement.Org ના ‘એમ્પ્લોયમેન્ટ’ વિભાગની અહીં **www.settlement.org/FD/11** પર મુલાકાત લો.

# શિક્ષણ

## તમારા બાળકોને શાળામાં દાખલ કરવા વિષે

ઓન્ટેરિયોમાં, કાયદો જણાવે છે કે 6 થી 18 વર્ષની વયના બધા બાળકોએ શાળાએ જવું જ જોઇએ. પરંતુ મોટા ભાગના બાળકો શાળાની શરુઆત જ્યારે તેઓ 4 કે 5 વર્ષની વયના હોય છે ત્યારે બાલમંદિરના વર્ગ માંથી કરે છે. બાલમંદિરના એક અથવા બે વર્ષ પછી તેઓ ધોરણ (ગ્રેડ) 1 માં જાય છે. બાલમંદિરથી ગ્રેડ 8 ને પ્રાથમિક શાળા કહેવાય છે. ગ્રેડ 9 થી ગ્રેડ 12 ને માધ્યમિક શાળા અથવા ઉચ્ચ વિદ્યાલય કહેવાય છે.

તમારા બાળકોની નોંધણી સ્થાનિક શાળામાં અથવા શાળાના બોર્ડમાં કરાવવાની હોય છે. સૌથી નજીકની શાળાનું સ્થળ અને તમારા બાળકની નોંધણી કેવી રીતે કરાવવી એ જાણવા સ્થાનિક શાળાના બોર્ડને ફોન કરો. જે બાળકોની વય ઉચ્ચ વિદ્યાલયમાં જવા માટે યોગ્ય હોય તેઓ ત્યાં જવાનું પસંદ કરે એ પહેલાં તેઓ કેટલીક શાળાઓના વિશેષ કાર્યક્રમો વિષે જાણવા માંગી શકે છે. આ વિષે તમે તમારી સ્થાનિક શાળામાં અથવા શાળાના બોર્ડને પૂછી શકો છો.

ઓન્ટેરિયોમાં મોટા ભાગના બાળકો સાર્વજનિક શાળાઓમાં ભણે છે. કેથોલિક શાળાઓની એક અલગ જાહેર પદ્ધતિ પણ છે. દરેક પદ્ધતિમાં શાળાઓનો વહીવટ જુદી જુદી સ્થાનિક શાળાના બોર્ડ કરે છે. શાળાનું બોર્ડ તમને તમારું બાળક ભણી શકે તેવી શાળાઓના નામો આપી શકે છે.

**બાળકોનો અથવા તેમના માતાપિતાઓનો કે કાયદેસર વાલીઓનો પરદેશી વસાહતી તરીકેનો દરજ્જો બાળકોને શાળાએ જતાં રોકતો નથી.** પરદેશી વસાહતી તરીકેના તમારા દરજ્જાને કારણે જો બાળકને દાખલ કરાવવામાં તમને અડચણ પડતી હોય, તો મદદ માટે તમારા સ્થાનિક સમાજની કાનૂની સહાયનો સંપર્ક કરો.

શાળાનું વર્ષ સપ્ટેમ્બરમાં લેબર ડે પછીના દિવસે શરુ થાય છે અને જૂનના અંતે પૂરું થાય છે. દરેક શાળાનું બોર્ડ વર્ષની અધવચ્ચેનાં ભાગમાં બાળકોને લેવા માટે એમના પોતાના નિર્ણયો લે છે.

ઓન્ટેરિયોમાં શાળાની પદ્ધતિ વિષે જરુરી બધી માહિતી તમે “નવા આવનારાઓ માટે શિક્ષણની માર્ગદર્શિ-કાઓ” માં અહીં **www.settlement.org/FD/12** પર મેળવી શકો છો.

## મોટી વયનાઓ માટે શિક્ષણ અને તેમાં આગળ પ્રગતિ માટે

તમે પણ અભ્યાસક્રમો લેવાની અથવા તમારી કારકિર્દીને લગતા અભ્યાસનો કાર્યક્રમ શોધવાની ઇચ્છા ધરાવી શકો છો. તમારા માટે શું ઉપલબ્ધ છે અને એ કેવી રીતે મેળવવું એ વિષેની જાણકારી તમે Settlement.Org પર “એજ્યુકેશન” વિભાગમાં અહીં **www.settlement.org/FD/13** પર મેળવી શકો છો.

## અંગ્રેજી શીખવા બાબત

જ્યારે તમે આવો ત્યારે તમારી અંગ્રેજીની આવડત સુધારવાની તમારી ઇચ્છા હોઇ શકે છે. નવા પરદેશી વસાહતી તરીકે તમારા માટે અંગ્રેજીમાં સહેલાઇથી વાતચીત કરવા માટે સમર્થ હોવું એ ઘણું અગત્યનું છે. ઓન્ટેરિયોમાં કામ શોધવામાં અને જલ્દી ઠરીઠામ થવામાં એ તમને મદદ કરશે.

કેનેડામાં નવા આવનારા પરદેશી વસાહતીઓ માટે “કેનેડામાં નવા આવનારાઓ માટે ભાષાનું શિક્ષણ (LINC)” એ ભાષા શિક્ષણનો નિ:શુલ્ક કાર્યક્રમ છે.

LINC કાર્યક્રમમાં ભાગ લેવા માટે તમે:

- કેનેડાના કાયમી નિવાસી (પરદેશથી આવેલા વસાહતી - લેન્ડેડ ઇમિગ્રન્ટ) અથવા રુઢિગત શરણાર્થી (કન્વેન્શન રેફયુજી) હોવા જોઇએ
  **અથવા**, જેમને CIC કાયમી નિવાસીનો દરજ્જો આપવાનું આયોજન કરી રહી હોય, અને તેથી તમને કેનેડામાં રહેવાની મંજૂરી અપાઇ હોય અને હજુ સુધી કેનેડિયન નાગરિક બન્યા ન હો એવા

  **અને**

- શાળા છોડવાની વય કરતા મોટા હોવા જોઇએ (18 વર્ષ અથવા વધુ વયના પુખ્ત)
- ભાષા મૂલ્યાંકન કેન્દ્રમાં તમારી ભાષાની ક્ષમતાનું પરિક્ષણ કરાવ્યું હોવું જોઇએ.

કેટલાક LINC વર્ગોમાં બાળ સંભાળની સેવાઓ હોય છે.

LINC વર્ગો પૂરા ઓન્ટેરિયોમાં નીચેની જગ્યાઓએ ચાલે છે:
- શાળાઓ
- જનસામુદાયિક કોલેજો
- પરદેશી વસાહતી સંસ્થાઓ
- સામાજીક સંસ્થાઓ

## LINC માટે નોંધણી કરાવવા બાબત

LINC વર્ગો માટે નોંધણી કરાવવા માટે તમારે “LINC એસેસમેન્ટ સેન્ટર” પર જવું પડે. “LINC એસેસમેન્ટ સેન્ટર” તમારી ભાષાના ધોરણનું પરિક્ષણ કરશે અને LINC શાળામાં નોંધાવવામાં તમને મદદ કરશે.

કેન્દ્રના કર્મચારીઓ સાંભળવામાં, બોલવામાં, વાંચવામાં અને લખવામાં તમારું પરિક્ષણ કરશે. પરિક્ષા એકથી ત્રણ કલાકો સુધી ચાલી શકે છે. તમારી ભાષાનું સ્તર જેટલું ઊંચું, એટલી પરિક્ષા લાંબો સમય લે છે.

યોગ્ય વર્ગમાં નામ નોંધાવવામાં કેન્દ્ર તમને મદદ કરશે. વસાહતી સંસ્થા અથવા સમાજ માહિતી કેન્દ્રને ફોન કરો અને સૌથી નજીકનું LINC એસેસમેન્ટ સેન્ટર કયાં છે એ પૂછો. મુલાકાત નિર્ધારિત કરવા માટે તમારે એસેસમેન્ટ સેન્ટરને ફોન કરવો પડે છે.

આ સંસ્થાઓ માટેની સંપર્ક માહિતી તમે Settlement.Org ના “ઘરની નજીકમાં મદદ મેળવો” વિભાગમાં અહીં **www.settlement.org/FD/04** પર મેળવી શકો છો.

## અંગ્રેજીની ઉચ્ચ તાલીમ

તમે અંગ્રેજીમાં વધારે ઉચ્ચ તાલીમ પણ નીચેની જગ્યાઓએથી મેળવી શકો છો:
- યુનિવર્સિટીઓ
- જનસામુદાયિક કોલેજો
- ભાષા માટેની ખાનગી શાળાઓ
- સામાજીક સંસ્થાઓ

વર્ગો અને ફી વિષેની માહિતી માટે આ શાળાઓ અને સંસ્થાઓનો સીધો સંપર્ક કરો. આ વર્ગોમાંના કેટલાક નિ:શુલ્ક છે, પરંતુ કેટલાક માટે નાણાં ખર્ચવા પડે એવું હોઇ શકે.

અંગ્રેજી વર્ગો વિષે વધુ માહિતી માટે, Settlement.Org પર “ઇન્ગ્લિશ એઝ એ સેકન્ડ લેંગ્વેજ (ESL)” વિભાગમાં અહીં **www.settlement.org/FD/14** ની મુલાકાત લો.

# પરદેશી વસવાટ અને નાગરિકતા(ઇમિગ્રેશન એન્ડ સીટીઝનશીપ)

## કાયમી નિવાસનું (મેપલ લીફ) કાર્ડ (પરમેનન્ટ રેસીડન્ટ કાર્ડ)

તમે કેનેડામાં આવો એ પછી તમે તમારું કાયમી નિવાસીનું (PR) કાર્ડ ટપાલમાં મેળવશો. જ્યારે તમે કેનેડામાં પ્રવેશો અને ઇમિગ્રેશનની પ્રક્રિયામાંથી પસાર થાઓ, ત્યારે તમારે તેઓને ટપાલનું સરનામુ આપવું પડશે જેથી તેઓ તમને એ મોકલી શકે.

જો તમારા પ્રવેશ સમયે સીટીઝનશીપ અને ઇમિગ્રેશન કેનેડાને (CIC) તમે તમારું ટપાલનું સરનામું આપ્યું ન હોય તો કૃપા કરીને શક્ય એટલું જલદી આ કામ કરો. તમારું સરનામુ તેઓને આપવા માટે CIC વેબસાઇટની મુલાકાત લો અથવા PR કાર્ડ કૉલ સેન્ટરનો સંપર્ક કરો.

સીટીઝનશીપ અને ઇમિગ્રેશન કેનેડા
PR કાર્ડ કૉલ સેન્ટર
1-888-242-2100
www.cic.gc.ca

CIC ને તમારું સરનામું આપ્યા પછી જો તમારું PR કાર્ડ તમને 30 દિવસની અંદર ન મળે, તો સીટીઝનશીપ અને ઇમિગ્રેશન કેનેડા કૉલ સેન્ટરને ફોન કરો.

જો તમારી કેનેડા આવવાની તારીખના 180 દિવસની અંદર CIC ને તમારું સરનામું નહીં મળે, તો તમારા PR કાર્ડ માટે તમારે ફરીથી અરજી કરવી પડશે અને ફી ચૂકવવાની રહેશે.

PR કાર્ડ એ ઓળખપત્રનો દસ્તાવેજ છે અને એ તમારા કાયમી નિવાસીના દરજ્જાની સાબિતી આપે છે.

પરમેનન્ટ રેસીડેન્ટ કાર્ડ વિષેના કોઇ પણ સવાલો માટે, PR કાર્ડ કૉલ સેન્ટરને ફોન કરો.

## નિવાસી માટેની જરુરીયાતો

તમારા આવ્યા પછી તમે કેનેડાની બહાર મુસાફરી કરી શકો છો. પરંતુ, કાયમી નિવાસી તરીકેનો તમારો દરજ્જો જાળવી રાખવા માટે કેનેડામાં તમારી 730 દિવસ (2 વર્ષ)ની શારીરિક હાજરી દર 5-વર્ષના સમયગાળામાં હોવી જ જોઇએ.

આનો અર્થ છે કે 5-વર્ષના સમયગાળામાં તમે કુલ 3 વર્ષ સુધી કેનેડાની બહાર રહી શકો છો પરંતુ, જો તમે લાંબી મુલાકાત માટે દેશ છોડો, તો તમારે સીટીઝનશીપ અને ઇમિગ્રેશન કેનેડાને સાબિત કરી આપવું પડે કે કેનેડામાં રહેવાનું ચાલુ રાખવાનો ઇરાદો તમે ધરાવો છો.

## કાયમી નિવાસીઓના અધિકારો અને અંકુશો

## કાયમી નિવાસીઓના અધિકારો

- કેનેડામાં કોઇ પણ જગ્યાએ રહેવું અને કામ કરવું
- કાનૂની સહાય મેળવવી (જે લોકો પાસે વકીલને ચૂકવવા માટે નાણાં નથી તેઓ માટે મદદ)
- પ્રાંતીય સ્વાસ્થ્ય વિમો મેળવવો
- શિક્ષણનો અધિકાર
- કામ કરવાનો અધિકાર
- કામદારોને રક્ષતા કાયદાઓનો અધિકાર
    - સ્વાસ્થ્ય અને સુરક્ષા
    - રોજગારના ધોરણો
    - રોજગારનો વીમો

  - o કાર્યવ્યવસ્થા બાબતમાં કર્મચારીઓ અને વહિવટકર્તાઓ વચ્ચે વાટાઘાટ
  - o કામદારોનું વળતર
- માનવ અધિકારો
- સામાજીક સેવાઓનો લાભ, જેમ કે ઓન્ટેરિયો વર્ક્સ, ઓછા ભાડાનાં રહેઠાણ અને દિવસની સંભાળ (ડે કેર), આશ્રયસ્થાનો, ખોરાક અને કપડાંનાં નિ:શુલ્ક કાર્યક્રમો, ધંધાદારી સલાહ, અને સામાજીક સંસ્થાઓની અન્ય પ્રકારની સહાયો.

## કાયમી નિવાસીઓ પરના અંકુશો

- સીટીઝનશીપ અને ઇમિગ્રેશન કેનેડા તમને કેનેડામાં રહેવા દેવાનો ઇનકાર કરી શકે છે જો:
  - o તમારી પાસે ખોટા દસ્તાવેજો હોય અને જ્યારે તમે કાયમી આવાસ માટે અરજી કરી ત્યારે અથવા જ્યારે તમે દાખલ થયા ત્યારે ખોટી માહિતી આપી હોય.
  - o કાયમી નિવાસી તરીકેના તમારા દરજ્જાની શરતો (જો તે મૂકવામાં આવી હોય અને તેને) તમે પાળી ન હોય.
  - o અપરાધી ગુનામાં તમે દોષિત જાહેર થયા હો.
  - o સત્તાવાળાઓ માનતા હોય કે તમે જાસૂસીમાં, કે યોજનાબદ્ધ ગુનામાં સંડોવાયેલા છો અથવા તમે યુદ્ધમાં ગંભીર ગુનાઓ આચર્યા છે.
- તમે ચૂંટણીઓમાં મત આપી શકો નહીં અથવા રાજકીય કાર્યાલયના ઉમેદવાર બની શકો નહીં.

## પરદેશી સ્થાંનાંતરણ (ઇમિગ્રેશન) સંબંધી સવાલો

પરદેશી સ્થાંનાંતરણ, તમારો દરજ્જો, અથવા જે સેવાઓ તમને મળી શકતી હોય એ વિષે જો તમને કોઇ સવાલો હોય તો વસાહતી સંસ્થાનો સંપર્ક કરો. જ્યારે તમારા નવા સમાજમાં તમે આવો ત્યારે તમે વસાહતી સંસ્થા શોધી શકો છો. આ સંસ્થાઓની યાદી તમે Settlement.Org પર “ઘરની નજીકમાં મદદ મેળવો” વિભાગમાં અહી **www.settlement.org/FD/04** પર મેળવી શકો છો.

સીટીઝનશીપ અને ઇમિગ્રેશન કેનેડા કૉલ સેન્ટરને પણ તમે ઓન્ટેરિયોમાં કોઇ પણ જગ્યાએથી નિ:શુલ્ક ફોન કરી શકો છો.

રેકોર્ડ કરેલા સંદેશામાંથી દિવસના 24 કલાક, અઠવાડિયાના 7 દિવસ તમે માહિતી મેળવી શકો છો.

જો તમે વ્યકિત સાથે વાત કરવા ઇચ્છતા હો તો સવારના 8:00 અને બપોરના 4:00 વચ્ચે, સોમવારથી શુક્રવારે ફોન કરો. કૉલ સેન્ટર કેવળ અંગ્રેજી અને ફ્રેન્ચમાં સેવા આપે છે.

પરદેશી સ્થાનાંતરણ અને નાગરિક્તા પરની માહિતી માટે સીટીઝનશીપ અને ઇમિગ્રેશન કેનેડા કૉલ સેન્ટરને ફોન કરો

1-888-242-2100

# કાનૂની સેવાઓ

## માનવ અધિકારો

કેનેડામાં, પુરુષો અને સ્ત્રીઓ સમોવડિયા છે અને એકસરખા અધિકારો ધરાવે છે. આ અધિકારો “કેનેડિયન ચાર્ટર ઓફ રાઇટસ્ અને ફ્રીડમ”માં વર્ણવેલા છે. કોઇ પણ વ્યકિત પરનો કોઇ પણ પ્રકારનો અત્યાચાર - શારીરિક, માનસિક અથવા નાણાંકીય – ગેરકાયદેસર છે.

ઘણી સામાજીક સંસ્થાઓ લોકોને સ્પષ્ટ લઘુમતીઓ, સ્ત્રીઓ, હોમોસેકસ્યુઅલ્સ, લેસ્બિયન્સ, અશક્ત લોકો અને મોટી વયના લોકોના અધિકારો વિષે શિક્ષણ આપે છે. ઓન્ટેરિયોનો માનવ અધિકારોનો કાયદો લોકોને ભેદભાવની સામે રક્ષણ આપે છે.

ભેદભાવનો અર્થ છે નીચેની બાબતો પર આધારિત અનુચિત વ્યવહાર:

- વય
- રંગ
- ક્ષમતા
- કુળ
- લોકજાતિ
- વૈવાહિક દરજ્જો
- કૌટુંબિક દરજ્જો
- વંશમૂળ
- ગુનાઓનો ઇતિહાસ (ફોજદારી ગુનાઓનો ઇતિહાસ)
- સાર્વજનિક સહાય પર આધારિતપણું
- ધર્મ
- નાગરિકતા
- જાતીય મૂળ
- (લિંગ) જાતિ
- જાતીય અભિરુચિ.

ઓન્ટેરિયોનો માનવ અધિકારોનો કાયદો જણાવે છે કે જ્યારે કોઇ સેવાઓ, સામગ્રીઓ અને સગવડો, રહેઠાણ, કરારો અને રોજગાર તેમ જ સમૂહોમાં સભ્યપદ શોધતું હોય ત્યારે દરેક જણને ભેદભાવમુક્તિનો અધિકાર છે.

## પોલિસ

ઓન્ટેરિયોમાં, અને પૂરા કેનેડામાં, પોલિસ સરકારથી અને સૈન્યથી અલગ છે. ઓન્ટેરિયોમાં પોલિસના ત્રણ પ્રકાર છે:

- સ્થાનિક (અથવા નગરપાલિકા) પોલિસ
- ઓન્ટેરિયો પ્રાંતીય પોલિસ (OPP)
- અને રાષ્ટ્રીય પોલિસ જેઓને ‘રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલિસ (RCMP)’ કહેવાય છે.

મોટા ભાગના પોલિસ દળો હવે સામુદાયિક પોલિસિંગનો અભિગમ અપનાવે છે. સામુદાયિક પોલિસિંગ એટલે જેમાં ગૂનો અટકાવવા માટે અને સલામતી વધારવા માટે પોલિસ અધિકારીઓ દરેક સમુદાયના રહેવાસીઓની સાથે કામ કરતા હોય.

જ્યારે પોલિસ તમને રોકે, તમારી તપાસ કરે, કે તમારી ધરપકડ અથવા અટકાયત કરે ત્યારે તેમણે ઘણાં સખત નિયમો અનુસરવા પડે છે. પોલિસ અધિકારીઓએ તમને કહેવું પડે છે કે

- શા માટે તેઓ તમારી અટકાયત કરી રહ્યા છે,
- તમારા બધા અધિકારોની તમને જાણ કરવી પડે છે,
- અને એની ખાતરી કરવી પડે છે કે તમે તેઓને બરાબર સમજ્યા છો

જો કોઇ અપરાધ માટે તમારી ધરપકડ કરાઇ હોય અથવા તહોમત મૂકાયું હોય તો તમને વકીલનો અધિકાર છે. તમારો વકીલ પસંદ કરવાનો તમને અધિકાર છે અને તમારી માતૃભાષામાં કાનૂની સલાહનો તમને અધિકાર છે.

## વકીલ મેળવવો

યોગ્ય વકીલ શોધવો એ ઘણું અગત્યનું છે. તેની શરુઆત કરવાની થોડીક રીતો અહીં આપી છે:

- મિત્રો, સહકર્મીઓ અને કુટુંબને પૂછો, કદાચ તેઓ ભલામણ કરી શકાય એવા વકીલને જાણતા હોય
- ભલામણો માટે વસાહતી કાર્યકર્તાને અથવા સામાજીક સેવા સંસ્થાના સભ્યને પૂછો
- "લૉયર" હેઠળ ટેલીફોન પુસ્તકના યલો પેજીઝમાં જુઓ
- અપર કેનેડાની લૉ સોસાયટી દ્વારા ચલાવાતી 'લૉયર રેફરલ સર્વિસ'નો સંપર્ક કરો
- કાનૂની પેઢીઓ અને વકીલોની યાદી માટે વેબસાઇટની મુલાકાત લો

## લૉયર રેફરલ સર્વિસ (LRS)

લૉયર રેફરલ સર્વિસ (LRS) તમારા વિસ્તારના એવા વકીલનો ફોન નંબર તમને આપી શકે છે કે જે તમારા સંજોગોને અનુકુળ એવા કાયદાની પ્રેક્ટીસ કરતો હોય. તેઓએ ભલામણ કરેલ વકીલ તમારી માતૃભાષા બોલે છે એની ખાતરી પણ તમે LRS ને પૂછીને કરી શકો છો. આ સેવાના રેફરલ દીઠ $6 પડે છે. આ ફી તમારા ફોનના બિલમાં ઉમેરાય છે.

તમે LRS ના વકીલને સલાહ માટે ફોન કરી શકો છો, પરંતુ ત્રીસ (30) મિનિટથી વધુ લાંબા સમય માટે નહી. આ વ્યક્તિને તમારા વકીલ તરીકે નહી રાખવાનું તમે નક્કી કરી શકો, પરંતુ પછી એ જ કાનૂની સમસ્યા માટે તમે LRS પાસે બીજું રેફરલ માંગી શકશો નહીં.

> લોયર રેફરલ સર્વિસ
>
> 1-900-565-4577
>
> આ નંબરે ફોન કરવાથી રેફરલ દીઠ $6 સેવા માટે વસૂલાય છે.

## સામાજીક કાનૂની ચિકિત્સાલયો

સામાજીક કાનૂની ચિકિત્સાલયમાંથી પણ તમે કાનૂની મદદ મેળવી શકો છો. ચિકિત્સાલયમાં તમને મદદ કરવા માટે વકીલો અને સામાજીક કાનૂની કાર્યકર્તાઓ હોય છે. સામાન્ય રીતે, જે વિસ્તારમાં ચિકિત્સાલય સેવા આપે છે ત્યાં જ તમે રહેતા હોવા જોઇએ. તમે વકીલ માટેની ચૂકવણી કરવા માટે તમે અસમર્થ પણ હોવા જોઇએ.

ચિકિત્સાલયો કાયદાના કેવળ અમુક વિભાગોમાં જ સેવાઓ પૂરી પાડે છે. એમાં નીચેનો સમાવેશ થાય છે:

- મકાનમાલિક અને ભાડુઆત વચ્ચેની તકરારો
- કામદારોનું વળતર
- રોજગાર વીમો
- સામાજીક સહાય
- કેનેડાની નિવૃત્તિવેતનની યોજના (કેનેડા પેન્શન પ્લાન)
- શરણાર્થી અને પરદેશી વસાહતીઓ માટેનો કાયદો
- રોજગારનો કાયદો
- અને માનવ અધિકારો

ચિકિત્સાલયો સામાન્ય રીતે ફોજદારી કાયદાઓ અને કૌટુંબિક કાયદાઓની સેવાઓ પૂરી પાડતા નથી. આ સેવાઓ માટે તમને ખાનગી વકીલ અને કાનૂની સહાયના પ્રમાણપત્રની જરૂર પડે છે.

સામાજીક કાનૂની ચિકિત્સાલયોમાં કાનૂની સહાયના પ્રમાણપત્રની જરૂર પડતી નથી. **www.settlement.org/FD/25**

# સમાજ અને આનંદપ્રમોદ

## જનસમુદાયમાં ભળવું

રહેવાનું સ્થળ શોધવામાં, અંગ્રેજીનું જ્ઞાન મેળવવામાં કે તેને સુધારવામાં અને નોકરી શોધવામાં તમારો પુષ્કળ સમય જશે. પરંતુ જો તમે આનંદપ્રમોદની અને સમાજની પ્રવૃતિઓમાં ભાગ લેશો તો તમે ઓન્ટેરિયોમાં વધુ જલ્દી ઠરીઠામ થઈ શકશો. તમે નવા લોકોને પણ મળશો અને નોકરી માટેની તમ્હારી શોધમાં મદદ કરવા માટે સંપર્કો પણ બનાવશો.

ઓન્ટેરિયોના દરેક શહેરમાં સામાજીક અને આનંદપ્રમોદના કાર્યક્રમો અને એવી સગવડો હોય છે જે તમે વાપરી શકો છો. ઘણું ખરું એ નિ:શુલ્ક અથવા ઉપયોગ કરવો હોય તો ઘણા ઓછા ખર્ચની હોય છે.

ઉનાળામાં ઘણાં માતાપિતાઓ તેઓના બાળકો માટે રમત અથવા આનંદની પ્રવૃતિઓ શોધે છે. આને ડે કેમ્પ્સ, સમર કેમ્પ્સ અથવા સમર પ્રોગ્રામ્સ કહેવાય છે. આ વિષેની માહિતી ઘણી વાર તમે તમારા સ્થાનિક સામાજીક કેન્દ્રમાં અથવા પૂલ (pool) માંથી મેળવી શકો છો.

તમને અને તમારા કુટુંબને માટે ઉપલબ્ધ એવા કાર્યક્રમો વિષે જાણો. આ કાર્યક્રમો બધી વયના જૂથો માટે છે અને તેમાં સ્વાસ્થ્યક્ષમતા જાળવવા બાબત, કલા અને ઉદ્યોગો તેમજ સામાજીક સમૂહો જેવી બાબતોનો સમાવેશ થાય છે. દરેક ઋતુમાં જુદી જુદી પ્રવૃતિઓ હોય છે. ઉદાહરણ તરીકે, શિયાળામાં તમે ફ્રી સ્કેટિંગ રીન્ક્સ અને ઉનાળામાં તરણ કુંડો (સ્વીમીંગ પૂલો) માં જઈ શકો છો.

કાર્યક્રમો વિષે જાણકારી મેળવવા સામાજીક માહિતી કેન્દ્ર પર અથવા વસાહતી સંસ્થામાં જાઓ. તમારી સ્થાનિક સરકારના ‘બગીચાઓ અને આનંદપ્રમોદ’ વિભાગનો સંપર્ક પણ તમે કરી શકો છો.

## પુસ્તકાલયો

તમારા જનસમુદાયમાં પુસ્તકાલય ઘણું અગત્યનું સાર્વજનિક સ્થળ છે. પુસ્તકાલયોમાં બધી વયના લોકો માટે કાંઈક હોય છે. પુસ્તકો ઉછીના લેવા માટે, અથવા તમારા પુસ્તકાલયમાં કોમ્પ્યુટરો વાપરવા માટે તમારે લાઈબ્રેરી કાર્ડ મેળવવાની જરુર છે. કાર્ડ મેળવવા માટે તમારે એક ઓળખપત્ર (ઉદાહરણ તરીકે, ડ્રાઈવીંગ લાઈસન્સ અથવા તમારું પરમેનેન્ટ રેસીડન્ટ કાર્ડ) અને તમારી ટપાલનું એક કવર, જેના પર તમારું સરનામાની હોય (દા.ત. ફોન બીલ) લાવવાની જરુર છે. પુસ્તકાલયને તમે કોણ છો તેની સાબિતી અને તમારા સ્થનિક સરનામાની જરુર છે. સમાજમાં રહેતા લોકો માટે કાર્ડ નિ:શુલ્ક છે.

અહીં કેટલાક કાર્યક્રમો અને સેવાઓ છે જે તમને પુસ્તકાલયમાં મળી શકે છે:

- બાળકોને તેમના શાળાના કામમાં મદદ કરવા માટેની હોમવર્ક કલબ્સ
- બાળકો માટે વાર્તાનો સમય અને રમકડાંના પુસ્તકાલયો
- નોકરી શોધવા માટેનાં અને કારકિર્દીના આયોજન માટેનાં વર્ગો અને માહિતી સાધનો
- અક્ષરજ્ઞાન આપતા અથવા વાંચનની આવડત સુધારવામાં મદદ કરતા શિક્ષકોવાળા પ્રૌઢશિક્ષણના કાર્યક્રમો
- બહુભાષી સંગ્રહો: પુસ્તકો, ટેપો, ઘણી ભાષાઓનાં સમાચારપત્રો અને સામયિકો
- બીજી ભાષા તરીકે અંગ્રેજી (ESL) ના સાધનો
- સ્થાનિક લેખકો દ્વારા વાંચન અને સ્થાનિક કલાકારો દ્વારા પ્રદર્શનો
- સ્વાસ્થ્ય અને અંગત નાણાંના વહીવટ જેવા વિષયો પર ભાષણો અથવા વર્ગો

પુસ્તકાલયોની કાર્યપદ્ધતિમાં કોમ્પ્યુટરોનો એક અગત્યનો ભાગ છે. ઘણાં પુસ્તકાલયોમાં કોમ્પ્યુટરો અને પ્રિન્ટરો હોય છે જેનો ઉપયોગ તમે વર્ડ પ્રોસેસીંગ માટે, નોકરીની જાહેરાતો જોવા માટે અને ઈન્ટરનેટ વાપરવા માટે કરી શકો છો.

## મોજ કરવી

ઓન્ટેરિયોનાં બધા સમાજોમાં નિ:શુલ્ક કે ઓછા ખર્ચના પ્રસંગો, ઉજવણીઓ, બગીચાઓ, કલા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ હોય છે. કલાત્મક અને સાંસ્કૃતિક ઉત્સવો આખા વર્ષ દરમ્યાન હોય છે. તેમાંથી કેટલાંક કલાના પ્રકાર, જેમ કે સંગીત પર, અથવા ચાઇનીઝ કેનેડિયન સમુદાયની જેમ સમુદાયની બધી કલાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. ઓન્ટેરિયોના ઘણાં સાંસ્કૃતિક અને કલા ઉત્સવો ઉનાળા દરમ્યાન બહાર ખુલ્લામાં આયોજાતા હોય છે અને નિ:શુલ્ક હોય છે. હાસ્ય નાટકો (કોમેડી), જાઝ, લેખકો અને ફિલ્મનાં ઉત્સવો હોય છે.

મોટા ભાગના સમાજોમાં સંગ્રહાલયો, કલા પ્રદર્શનો(ગેલેરી), ઐતિહાસિક જગ્યાઓ અને બીજા રસપ્રદ સ્થળો અને પ્રસંગો હોય છે. ઘણી પ્રદર્શન ગેલેરીઓ અને સંગ્રહાલયોમાં અઠવાડિયાનો એક દિવસ નિ:શુલ્ક અથવા ઓછા ખર્ચે હોય છે. ઘણી વાર બાળકો અને 65 કે તેથી વધારે વયના લોકો માટે ખર્ચ ઓછો હોય છે.

ચાઇનીઝ નવું વર્ષ, પ્રાઇડ પરેડ્સ, ટોરોન્ટોની કેરિબાના અને ઓટાવાની વિન્ટરલ્યુડ એ ઓન્ટેરિયોનાં વિશેષ પ્રસંગો અને અગત્યની ઉજવણીઓના થોડાંક ઉદાહરણો છે. આમાંની 1 જુલાઇના રોજની કેનેડિયન ડે સહિતની ઘણી ઉજવણીઓ સાર્વજનિક હોય છે જેમાં પરેડ્સ, ફટાકડાંઓ અને સંગીત હોય છે.

આનંદ માટે અને તમારા સમાજમાં ભળવા માટેની રસપ્રદ રીતોની વધુ માહિતી માટે Settlement.Org પર “સેલીબ્રેટ” વિભાગની મુલાકાત લો. **www.settlement.org/FD/15**

# ઉપભોક્તા માહિતી

## નાણાં વિનિમય

કેનેડામાં તમે આવો એ પહેલાંથી પાસે કેટલાક કેનેડિયન નાણાં રાખવા એ સારો વિચાર છે. તમે જે દેશમાંથી આવતા હો ત્યાં તમે કદાચ વધારે સારો વિનિમય દર મેળવી શકો.

ટોરોન્ટો પીયરસન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર, કરન્સી એક્સેન્જ બૂથ્સ પર અઠવાડિયાના સાત દિવસ, સવારના 5:00 થી રાત્રીના 11:00 સુધીમાં તમે નાણાંની અદલા-બદલી કરી શકો છો. જો કે, એરપોર્ટની બહાર તમને વધારે સારો વિનિમયનો દર મળવાની શક્યતા છે.

મુદ્રા વિનિમય સેવાઓ તમે બેંકોમાં, ટ્રાવેલ એજન્સીઓમાં અને મોટા ભાગના શહેરોના મધ્યવર્તી વિભાગમાં પણ મળી શકે છે. હોટેલો નાણાંની નાની રકમો બદલી આપશે, પરંતુ વિનિમયનો દર એટલો સારો નહીં હોય. નાણાં વિનિમય કરવાનું શ્રેષ્ઠ સ્થળ મોટે ભાગે બેંકો હોય છે.

## ટેલીફોનનો ઉપયોગ કરવા વિષે

### ઘરે ફોન સેવા મેળવવી

તમારા માટે ફોનની સેવા તમારા ઘરમાં બેલ ટેલીફોન પૂરી પાડે છે. આ સેવાનો ઓર્ડર કરવા માટે તમારે 310-BELL (310-2355) પર ફોન કરવાની અથવા બેલ સેન્ટર સ્ટોરની મુલાકાત લેવાની જરૂર પડશે.

નવા પરદેશી વસાહતીઓએ ફોન સેવા ચાલુ કરાવવા માટે અનામત આપવી પડે એમ બને. આ નાણાં તમે 6 મહિના પછી પરત મેળવશો. ઘરના નવા ફોન માટે બેલ જોડાણ ફી પણ વસૂલ કરે છે. બેલ વેબસાઈટ પર વધુ જાણકારી મેળવો - **www.settlement.org/FD/23**

તમને સેવા પૂરી પાડવા માટે સંમત થયા પછી બેલ, તમારા ઘરે આવવાનો સમય નિશ્ચિત કરશે. આ સમય દરમ્યાન તમારે ઘરે રહેવાની જરૂર રહેશે, જેથી ફોન સેવાના ટેકનિશિયન સેવા ચાલુ કરી શકે. ઘરેથી કરાતા સ્થાનિક ફોન નિ:શુલ્ક હોય છે, પરંતુ લાંબા અંતરના ફોનનો ખર્ચ અલગથી હોય છે.

### સેલ્યુલર / મોબાઈલ ફોન્સ

કેનેડામાં સેલ ફોન ઘણાં પ્રખ્યાત છે અને પસંદગીની સ્કીમો ઘણી અને ગૂંચવણ ભરેલી હોય છે. આવતાં પહેલાં, ઈન્ટરનેટ પર સેલફોનની સ્કીમોના પ્રકાર વિષે તમે પુષ્કળ જાણકારી મેળવી શકો છો. અહીં મદદરૂપ વેબસાઈટ છે - **www.settlement.org/FD/19**.

અહીંની સેવાઓ તમે જે દેશમાંથી આવો છો એનાથી અલગ હોઈ શકે છે. સેલ ફોન વિક્રેતાઓ સાથે તમે કરાર પર સહીં કરો એ પહેલાં જુદી જુદી કિંમતો, ઉપલબ્ધ સ્કીમો અને ફોનના પ્રકારો વિષે માહિતી મેળવો.

### સાર્વજનિક / પે ફોન્સ

એરપોર્ટ, બસ અને ટ્રેઈન સ્ટેશનો, રેસ્ટોરન્ટસ્, સ્ટોર્સ, શોપિંગ મૉલ્સ અને કેટલીક ગલીઓના ખૂણે તમે જાહેર વપરાશના ટેલીફોન જોશો. આ ફોન “પે ફોન્સ” તરીકે પણ ઓળખાય છે.

### સ્થાનિક ફોન કરવા

તમારા ઘરના ફોન પરથી કરાતા સ્થાનિક ફોન નિ:શુલ્ક છે પરંતુ પે ફોન પરથી સ્થાનિક ફોન કરવાનો ખર્ચ 50 સેન્ટસ થાય છે.

મોટા શહેર અથવા નાના શહેરની અંદર ફોન કરવા:

રિસિવર ઉઠાવો, 50 સેન્ટ્સ નાખો અને નંબર લગાવો.

મોટા ભાગના ટેલીફોન્સ 5, 10, 25 સેન્ટ્સ અને $1 ના સિક્કાઓ સ્વીકારે છે. જો તમે $1 ના સિક્કાનો ઉપયોગ કરશો તો તમે બાકીના નાણાં કદાચ પરત નહીં મેળવો.

કેટલાક વિસ્તારોમાં તમારે એરીયા કોડ લગાવવાની જરૂર પડી શકે છે. ઉદાહરણ તરીકે, ટોરોન્ટો અને આસપાસના વિસ્તારોમાં, ફોન નંબરના બાકીના આંકડા પહેલાં તમારે 416, 647, અથવા 905 લગાવવાની જરૂર પડે છે – સ્થાનિક ફોન નંબરોમાં કુલ 10 આંકડાઓ હોય છે.

## લાંબા અંતરના ફોન

તમારા ઘરના ફોન માટે તમે લાંબા અંતરના ફોનની સ્કીમ મેળવી શકો છો અથવા પ્રીપેઈડ ફોન કાર્ડસ વાપરવાનું પસંદ કરી શકો છો. ઘરેથી થતા લાંબા અંતરના ફોન કરતાં લાંબા અંતરના પ્રીપેઈડ ફોન કાર્ડસ ઘણાં સસ્તા પડી શકે છે. પે ફોન પર લાંબા અંતરના ફોનની ચૂકવણી નાણાંથી કે ક્રેડિટ કાર્ડથી કરવા કરતાં તો તે ખરેખર સસ્તા પડે છે.

જ્યારે તમે પ્રીપેઈડ ફોન કાર્ડ ખરીદો ત્યારે પહેલાં તમે એ જાણી લો કે તમે ફોન કરવાના છો તે દેશ માટે તમે સર્વોત્તમ દર મેળવી રહ્યા છો. વેચાણ કર્મચારીઓ પાસેથી તુલનાત્મક કોઠો માંગો. તમારે જે દેશમાં ફોન કરવો છે તેને માટેના એક મિનિટના દરની જુદા જુદા કૉલીંગ કાર્ડમાંથી સરખામણી કરો.

તમે “કલેક્ટ કૉલ્સ” પણ કરી શકો છો. કલેક્ટ કૉલનો અર્થ એ છે કે જે વ્યક્તિને તમે ફોન કરો છો એ વ્યક્તિ તે કૉલની ચૂકવણી કરશે. કલેક્ટ ફોન કરવા, “0”, પછી એરીયા કોડ અને ફોન નંબર લગાવો અને સ્વચાલિત પદ્ધતિના સૂચનોને અનુસરો.

## ટોલ-ફ્રી નંબરો

કેટલાક લાંબા અંતરના નંબરોને ટોલ-ફ્રી નંબર કહેવાય છે. આમાંના કોઈ પણ નંબર લગાડવામાં કોઈ ખર્ચ થતો નથી. એ 1-800, 1-866, 1-877 અથવા 1-888 નંબરોથી શરુ થાય છે. સરકારી કાર્યાલયો, સામાજીક સંસ્થાઓ અને ઘણાં ધંધાઓને ટોલ-ફ્રી નંબરો હોય છે.

1-900 અને 1-976 એ ટોલ-ફ્રી નંબરો નથી. જ્યારે તમે ફોન પર હો છો ત્યારે તમે દરેક મિનિટ માટે ફી ચૂકવો છો. તેઓ ઘણું ખરું ઘણાં ખર્ચાળ હોય છે.

## ટેલીફોન બુકનો ઉપયોગ કરવામાં

મોટા ભાગના સાર્વજનિક ટેલીફોન્સ પર તમે ટેલીફોન બુક અથવા ફોન ડિરેક્ટરી જોઈ શકો છો.

સફેદ પાનાની ટેલીફોન બુકમાં ચાર વિભાગો હોય છે:

### કટોકટીની વેળાના નંબરો (અને ગ્રાહક માર્ગદર્શિકા)

કટોકટીની વેળામાં (જેમકે પોલિસને) તમારે લગાવવા માટેનાં જરૂરી ટેલીફોન નંબરો આ વિભાગ તમને આપે છે. ફોન વાપરવા વિષેની માહિતી પણ એ તમને આપે છે.

### સફેદ પાનાં

આ વિભાગ શહેરમાંના લોકો અને ધંધાઓની યાદી આપે છે. એમાં તેઓના ફોન નંબર અને ગલીના સરનામાનો સમાવેશ થાય છે. લોકોની યાદી તેઓની અટકથી શરુ થાય છે. વર્ણમાળાના અક્ષર ક્રમ પ્રમાણે લોકો અને ધંધાઓ બંનેની યાદી હોય છે. ટોરોન્ટો જેવા કેટલાક વિશાળ શહેરોમાં, સફેદ પાના 2 ભાગોમાં હોય છે – અંગત ફોન નંબરો આગળના ભાગમાં અને બીજા અડધા ભાગમાં ધંધાના નંબરો હોય છે.

### ભૂરાં પાનાં

આ વિભાગ ભૂરા પાન પર છપાયેલો છે. એ સરકારી કાર્યાલયોની યાદી આપે છે અને તેમને સંપર્ક કરવાનાં નંબરો તમને આપે છે. એ વિષયાનુસાર સરકારી સેવાઓ પણ આપે છે. ઉદાહરણ તરીકે, 'સ્વાસ્થ્ય મંત્રાલય' શોધવા, ભૂરાં પાનાંમાંથી 'સ્વાસ્થ્ય' ખોળી કાઢો.

### યલો પેજીઝ ટેલીફોન ડિરેક્ટરી

આ પીળા પાન પર છપાયેલી છે. એ વિષયાનુસાર ધંધાઓની યાદી આપે છે. ઉદાહરણ તરીકે, પિઝા ઓર્ડર કરવા માટે, યલો પેજીઝમાંથી "પિઝા" ખોળી કાઢો અને નજીકનો સ્ટોર પસંદ કરો. ટોરોન્ટો સહિતના, વિશાળ શહેરોમાં યલો પેજીઝની અલગ બુક હોય છે.

વિશાળ શહેરોમાં, સફેદ અને ભૂરા પાનાં, અને પીળા પાનાં ઘણીવાર બે અલગ અલગ ટેલીફોન બુકોમાં છપાયેલા હોય છે. નાના શહેરોમાં તેઓ એકજ બુકમાં એક સાથે હોઇ શકે છે. બધી ટેલીફોન બુકોની શરુઆતમાં તમે ટેલીફોન સૂચનાઓ અને કટોકટીની વેળાના નંબરો મેળવી શકો છો.

## ટપાલ મોકલવી અને મેળવવી

## પત્ર કે પાર્સલ ટપાલથી મોકલવું

પત્ર કે પાર્સલ મોકલવા માટે તમારે ટપાલ ફી ચૂકવવી પડે છે. ટપાલ ફી એ તમારા પત્ર કે પેકેજને મોકલવા માટે થતો ખર્ચ ચૂકવવાની રકમ છે.

ટપાલ કચેરીઓ અને સ્ટોર્સ જેવા કે શોપર્સ ડ્રગમાર્ટમાંના પોસ્ટલ આઉટલેટ્સ પર ટપાલ સેવાઓ ઉપલબ્ધ છે. ટપાલ કચેરી ખોળવા માટે સ્ટોરની બારીઓમાં કેનેડા પોસ્ટનું નિશાન શોધો. તમારાથી સૌથી નજીકની ટપાલ કચેરી શોધવા માટે ટેલીફોન બુકનો ઉપયોગ પણ કરી શકો છો.

પત્ર કે પાર્સલ મોકલવાનો ખર્ચ એના કદ અને એનું વજન કેટલું છે એની પર આધાર રાખે છે. એને તમારે ક્યાં મોકલવો છે અને ત્યાં કેટલી ઝડપથી મોકલવો છે એની તમારી ઇચ્છા પર પણ તેનો ખર્ચ આધાર રાખે છે. સામાન્ય રીતે, જેટલું દૂર પાર્સલ જવાનું હોય, એટલો વધારે એનો ખર્ચ હોય છે.

જો તમે પાર્સલ બીજા દેશમાં મોકલી રહયા હો, તો તમારે કસ્ટમ્સનું ફોર્મ સહી કરવું જોઇશે. ટપાલ કચેરીમાંથી તમે કસ્ટમ્સ ફોર્મ મેળવી શકો છો. ફોર્મ પાર્સલમાં શું છે એ વર્ણવે છે. એ પાર્સલનું મૂલ્ય અને એનું કેટલું વજન છે એ પણ જણાવે છે. ટપાલ કચેરીનો કર્મચારી આ ફોર્મ ભરવામાં તમને મદદ કરી શકે.

## ટપાલ મોકલવાનું સરનામુ

રહેવાનું સ્થળ તમે શોધ્યા પછી લોકો ટપાલ સીધી તમારા ઘરે અથવા ટપાલ કચેરીના બોક્સ નંબર પર મોકલી શકે છે. તમે રહેવાનું સ્થળ શોધો એ પહેલાં, ત્રણ જુદી જુદી રીતોથી તમે ટપાલ મેળવી શકો છો:

પૂછી જુઓ કે શું તમે સંબંધી અથવા મિત્રનું સરનામું ટપાલ માટે વાપરી શકો? લોકોને તમારી ટપાલ તમારા સંબંધી અથવા મિત્રને "કેર ઑફ" (c/o) થી મોકલવા કહો.



ટપાલ કચેરીએ સામાન્ય ડીલીવરીની સેવા માટે પૂછો. આ સેવાને દુનિયાભરમાં “પોસ્ટ રેસ્તોન્ત” તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય ડીલીવરી/પોસ્ટ રેસ્તોન્ત ટપાલ સ્થાનિક મુખ્ય ટપાલ કચેરીએ વહેંચવા માટે એકઠી કરાય છે. વિશાળ શહેરોમાં જ્યાં એક કરતા વધુ મુખ્ય ટપાલ કચેરી હોય છે, ત્યાં વિસ્તારમાંની ટપાલ કચેરીઓમાંની એકને સામાન્ય ડીલીવરી/પોસ્ટ રેસ્તોન્ત ટપાલના પીકપ પોઇન્ટ તરીકે નક્કી કરાય છે.

**YOUR NAME**
GD STN MAIN
TORONTO, ON  M2R 5H2

ટપાલ કચેરી અથવા ધંધાકીય સેવાઓનું વેચાણ કરતા સ્ટોરમાં ટપાલખાનું ભાડે રાખો. એ તમને એક સરનામું આપશે જે તમે લોકોને ટપાલ મોકલવા માટે આપી શકો. જો તમારી ટપાલપેટીમાં સમાય એનાથી મોટા કદનું પેકેજ તમને આવે, તો સ્ટોર તમારા માટે નોંધ મૂકશે અને તમે એને કાઉન્ટર પરથી મેળવી શકો છો.

## પરિવહન

## ગાડી ચલાવવી

જો તમે ઓન્ટેરિયોમાં રહેતા હો અને ગાડી ચલાવવા ઇચ્છતા હો, તો તમારી પાસે ઓન્ટેરિયોનું ડ્રાઇવીંગ લાઇસન્સ હોવું જોઇશે. ઓન્ટેરિયો પરિવહન મંત્રાલય (MTO) ની વેબસાઇટ, પ્રાંતમાં ડ્રાઇવર અને વાહનનો પરવાનો પૂરો પાડે છે. લેખ “**ઓન્ટેરિયોનું ડ્રાઇવીંગ લાઇસન્સ હું કેવી રીતે મેળવી શકું?**” માં વધુ જાણકારી **www.settlement.org/FD/16** પર મેળવો.

કેનેડામાં આવ્યાના 60 દિવસ સુધી તમે વિદેશી ડ્રાઇવીંગ લાઇસન્સ વાપરી શકો છો. ત્યારબાદ તમારે ડ્રાઇવીંગ પરિક્ષા આપવાની અને ઓન્ટેરિયો ડ્રાઇવીંગ લાઇસન્સ મેળવવાની જરૂર પડશે. લાઇસન્સ અને ડ્રાઇવીંગના નિયમો વિષેની માહિતી માટે **1-800-387-3445** પર ‘ઓન્ટેરિયો પરિવહન મંત્રાલય’નો સંપર્ક કરો.

તમે જ્યાં રહેતા હો, ત્યાં તમારે તમારી ગાડી પ્રાંતીય મોટર વાહન લાઇસન્સ સંસ્થામાં નોંધાવવી પડશે અને એનો વીમો તમારે કરાવવો જોઇશે. ગાડીના વીમા વગર ગાડી ચલાવવી ગેરકાનુની છે. ગાડીનો વીમો ખર્ચાળ હોઇ શકે છે, પરંતુ અકસ્માતના કિસ્સામાં એ તમને અને અન્ય ડ્રાઇવરોને રક્ષણ આપે છે.

જો તમારી પાસે ગાડી ના હોય તો એક દિવસ, એક અઠવાડિયા અથવા તેથી વધુ સમય માટે ગાડી ભાડે આપતી કંપની પાસેથી તમે એક ભાડે મેળવી શકો છો. મોટા ભાગની ગાડી ભાડે આપતી કંપનીઓ ડ્રાઇવીંગના નિયમો વિષે તમને માહિતી આપી શકશે.

જેટલો સમય ગાડી તમારી પાસે હોય અને ગાડીમાં કેટલું અંતર તમે કાપો છો એના આધાર પર ગાડી ભાડે આપતી કંપનીઓ તમારી પાસેથી ફી લે છે. તેઓ પાસેથી તમારે અકસ્માતનો વીમો ખરીદવો પડશે અને તમે વાપરેલ પેટ્રોલનાં નાણાં આપવા પડશે.

## સંચાર – જાહેર પરિવહન

ઓન્ટેરિયોના દરેક શહેરમાં બસો અથવા સ્ટ્રીટકારની જાહેર પરિવહન વ્યવસ્થા છે. ટોરોન્ટોમાં સબવે તરીકે ઓળખાતી ભૂગર્ભની ટ્રેઇનોની વ્યવસ્થા પણ છે. મોટા ભાગના શહેરો નિ:શુલ્ક પરિવહન નકશાઓ પૂરા પાડે છે.

ટોરોન્ટો પરિવહન વ્યવસ્થા (TTC) પાસે તેઓના ફોન તંત્રમાં 20 થી વધુ ભાષાઓમાં માહિતી છે – **416-393-4636** પર ફોન કરો. તેઓની વેબસાઇટ **www.settlement.org/FD/17** પર પણ તમે માહિતી મેળવી શકો છો.

જાહેર પરિવહનનો ઉપયોગ કરવામાં તમે દરેક મુસાફરી માટે નક્દ ચૂકવી શકો છો. બસો માટે તમારી પાસે નાણાંની બરાબર પુરતી રકમ હોવી જોઇશે કારણકે ડ્રાઇવરો તમને બાકીનાં નાણાં પરત નહીં કરી શકે. જો જાહેર પરિવહનનો ઉપયોગ તમે વારંવાર કરતા હો, તો તમે ટિકિટો, ટોકનો અથવા દિવસનો કે માસિક પાસ ખરીદી શકો છો. દરેક મુસાફરી માટે જો તમે નક્દ ચૂકવો તો ખર્ચ વધારે થાય છે. તમે ટિકિટો, ટોકનો અને પાસ બસ અથવા સબવે સ્ટેશનો પર અને કેટલાક સ્ટોર્સમાંથી ખરીદી શકો છો.

તમારે જે જગ્યાએ જવું હોય ત્યાં પહોંચવા માટે કેટલીકવાર તમારે એક બસ, સ્ટ્રીટકાર અથવા ટ્રેઇનમાંથી બીજીમાં બદલી કરવાની જરૂર પડે છે. જ્યારે આમ બને, તમારે ટ્રાન્સફરની જરૂર પડે છે. ટ્રાન્સફર એ એક એવો કાગળનો ટુકડો છે જે ડ્રાઇવરને જણાવે છે કે તમારે ફરીથી નાણાં ચૂકવવાની જરૂર નથી. પહેલી બસ અથવા સ્ટ્રીટકારમાં ચડતી વખતે ડ્રાઇવરની પાસે ટ્રાન્સફર માંગો.

## શહેરો વચ્ચે પ્રવાસ કરવો

ઓન્ટેરિયોના મોટા ભાગના નાનામોટા શહેરોમાં બસ અથવા ટ્રેઇન સ્ટેશન છે. સ્ટેશન પરથી તમને ખબર પડી શકે છે કે બસ અથવા ટ્રેઇન કયાં જાય છે, કયા દિવસોએ અને કયા સમયે જાય છે અને એનું ભાડું શું છે. શહેરો વચ્ચેની વિમાની સફર માટેની સમયસારણી અને ફી માટે તમે ટ્રાવેલ એજન્ટને ફોન કરી શકો છો.

## ટેક્સી

જો કોઇ જાહેર પરિવહન ના હોય અથવા કોઇક જગ્યાએ તમારે ઉતાવળમાં જવાની જરૂર હોય, તો તમે ટેક્સી અથવા કૅબ ભાડે કરી શકો છો. ટેક્સી કંપનીને ફોન કરી તમે આપેલા સરનામે આવવા માટે કહી શકો છો. તમે અગાઉથી પણ ફોન કરી શકો છો અને નિશ્ચિત સમયે તમને લઇ જવા માટે તેઓને કહી શકો છો.

શહેરના વ્યસ્ત મધ્યવર્તી વિભાગના રસ્તા પરથી પણ તમે ટેક્સીને સાદ પાડીને બોલાવી શકો છો. ફૂટપાથ પર ઉભા રહો અને જે ટેક્સીમાં ઉતારુઓ ન હોય એને હાથ બતાવો. દરેક શહેરમાં ગલીઓમાંથી ટેક્સી મેળવવી સહેલી નથી. જે ગાડીના છાપરા ઉપરની સાઇનમાં લાઇટ ચાલુ હશે તે જ તમારા માટે ઉભી રહેશે.

ટેક્સીની સવારીનું ભાડું આગળ ડ્રાઇવરની બાજુમાંના મીટર પર દેખાય છે. જ્યારે તમે ગાડીમાં બેસો ત્યારે મીટર ઓછામાં ઓછી કિંમત બતાવશે. ગાડીમાં બેસતા પહેલાં ડ્રાઇવરને પૂછો કે મુસાફરીનો ખર્ચ કેટલો થશે.

## ચાલવાના અને રસ્તાના નિયમો

બધી ગલીના ખૂણાઓ પર જ્યાં સ્ટોપલાઇટ્સ છે ત્યાં રાહદારીઓને રસ્તો ઓળંગવા માટેના સિગ્નલો હોય છે. તેઓ તમને જણાવે છે કે ક્યારે ગલી ઓળંગવી સલામત છે. વ્યસ્ત ગલીના ખૂણાઓ પર જ્યાં સ્ટોપલાઇટ નથી ત્યાં ક્રોસવોક્સ છે.

## નાણાં અને નાણાં વિષયક

## બેંક વ્યવહાર

### બેંકમાં ખાતું ખોલાવવું

તમારાથી શકય એટલી ઝડપે બેંકના વિકલ્પોની માહિતી મેળવવી એ સારો વિચાર છે. નક્કી કરો કે તમારે કેવા બેંક વ્યવહારોની જરૂર છે અને તમે ખાતું ખોલાવો એ પહેલાં કેટલીક બેંકોની સેવાઓની સરખામણી કરો.

કોઇ પણ બેંકમાંનું બેંક ખાતું તમારા નાણાં રાખવાનું સલામત સ્થળ છે અને એનો વહીવટ કરવાનું સરળ બનાવે છે. બેંક ખાતુ તમને ક્રેડિટ ઇતિહાસ આપવામાં પણ મદદ કરે છે જે તમને, જો તમારે નાણાં ઉછીના લેવાની અથવા ક્રેડિટ કાર્ડ મેળવવાની જરૂર પડે ત્યારે, મદદરૂપ થશે.

ઘણાં પ્રકારની ફાઇનેન્શિયલ ઇન્સ્ટિટ્યુશન્સ હોય છે જ્યાં તમે સેવિંગ્સ અને/અથવા ચેકીંગ ખાતાઓ ખોલાવી શકો છો. બેંકો, ટ્રસ્ટ કંપનીઓ અને ક્રેડિટ યુનિયનો તેઓની ડેબિટ અને ક્રેડિટ કાર્ડ, સહિતની સેવાઓ વિષે નિ:શુલ્ક માહિતી પૂરી પાડે છે. તમે કોઇ પણ બેંકમાં પહોંચીને તેઓની સેવાઓ વિષે પૂછપરછ કરી શકો છો.

બેંક, ટ્રસ્ટ કંપની અથવા ક્રેડિટ યુનિયનમાં ખાતું ખોલાવવા માટે તમારે બે ઓળખપત્રોની જરૂર પડશે. સામાન્ય રીતે, તેમાંથી એક પર તમારો ફોટો હોવો જોઇએ. તમારે ખાતું ખોલાવવા માટે અમુક ચોક્કસ રકમના નાણાં જમા કરવાની જરૂર નથી. ખાતું ખોલાવવા માટે તમે રોજગાર ધરાવતા હોવાની જરૂર નથી.

### બેંક મશીનનો ઉપયોગ કરવો

જ્યારે તમે બેંકમાં ખાતુ ખોલાવો, ત્યારે તમને એક કાર્ડ મળશે, જેને બેંક કાર્ડ કે ડેબિટ કાર્ડ તરીકે પણ ઓળખવામાં આવે છે. બેંકનો ઉપયોગ કરવાને બદલે આ કાર્ડ તમારા બેંકના વ્યવહારો તમને બેંકના મશીન પર કરવા દે છે. બેંકનાં મશીનોનો ઉપયોગ તમે નાણાં જમા કરવા, નાણાં ઉપાડવા અને બિલો ચૂકવવા માટે કરી શકો છો. આ મશીનોને ઓટોમેટેડ બેંકીંગ મશીનો (ABMs) અથવા ઓટોમેટેડ ટૅલર મશીનો (ATMs) કહેવાય છે.

બેંક કાર્ડ તમને અંગત ઓળખ નંબર (PIN) પસંદ કરવા દેશે. આ સુરક્ષા નંબર અન્યોને તમારા કાર્ડનો ઉપયોગ કરતા અટકાવે છે. નંબર યાદ રાખો. તમારો PIN બીજાને કહેશો નહીં. તમારું બેંક કાર્ડ વાપરવાના દરેક સમયે તમારે PIN જણાવવો પડે છે.

જો તમે બીજી બેંકનું ABM વાપરો, તો એ તમારી પાસેથી ફી લેશે. જો તમે ખાનગી ABM વાપરો તો ફી તેનાથી પણ વધારે હોય છે. આ મશીનો કોર્નર સ્ટોર્સ, રેસ્ટોરન્ટ્સ અને અન્ય સ્થળોમાં જોવા મળે છે. તેઓ ઘણી વાર ફક્ત નાણાં ઉપાડવામાં પણ પુષ્કળ પૈસા લે છે. ફક્ત બેંકો અથવા ક્રેડિટ યુનિયનોની માલિકીના મશીનનો ઉપયોગ કરવાનું વધારે સસ્તું છે.

## ક્રેડિટ કાર્ડો અને ક્રેડિટ બનાવવી

ભલે તમારે ઘણાં વર્ષોનો વિઝા અને માસ્ટરકાર્ડ જેવી દુનિયાભરમાં ફેલાયેલી ક્રેડિટ કાર્ડ કંપનીઓ સાથે ક્રેડિટનો ઇતિહાસ હોય, પણ તમે આવું ક્રેડિટ કાર્ડ કેનેડામાં મેળવવાને પાત્ર ના પણ થાઓ. ઘણાં લોકો માટે આ આશ્ચર્ય છે.

જો શકય હોય, તો કેનેડા આવતાં પહેલાં તમારા ક્રેડિટ કાર્ડો રદ કરાવશો નહીં. અહીં આવીને તરત તમે ક્રેડિટ કાર્ડ ન પણ મેળવી શકો. જો એમ બને, તો તમારી પાસે હાલમાં જે છે તે ક્રેડિટ કાર્ડ વાપરવાની તમને સુવિધા રહેશે.

કેનેડામાં તમારો ક્રેડિટ ઇતિહાસ બનાવવા માટે તમે ક્રેડિટ કાર્ડ માટે અરજી કરો. તમારી સ્થાનિક બેંકના કર્મચારીઓ સાથે વાત કરો. તમારી બેંક કદાચ ઓછી લીમીટના ખર્ચવાળું ક્રેડિટ કાર્ડ અથવા 'સલામત ક્રેડિટ કાર્ડ' આપવા તૈયાર થઇ શકે છે.

'સલામત ક્રેડિટ કાર્ડ' મેળવવા માટે તમારે ક્રેડિટ કાર્ડ આપનાર પાસે નાણાંની એક રકમ જમા કરાવવાની રહેશે. 'સલામત ક્રેડિટ કાર્ડ' માટેની જામીન થાપણ (સીકયોરીટી ડીપોઝીટ) ની રકમ તમે વિનંતી કરેલ ક્રેડિટની સીમા પર આધાર રાખશે. જો તમારી દર મહિનાની ક્રેડિટ ફી તમે પરત ચૂકવો અને સારો ક્રેડિટ ઇતિહાસ બનાવો, તો તમે વ્યાજ સહિત થાપણ પાછી મેળવશો. ત્યાર પછી તમે નિયમિત ક્રેડિટ કાર્ડ મેળવી શકો છો.

ઘણાં સ્ટોર્સ ક્રેડિટ કાર્ડ આપે છે જેનો ઉપયોગ તેઓના સ્ટોર્સમાં કરી શકાય છે. આ કાર્ડો પર મોટે ભાગે ઘણો ઊંચો વ્યાજનો દર હોય છે તેથી દર મહિને પૂરેપૂરી રકમ ચૂકવવામાં ચોકકસ રહો.

## કિંમતો અને કર

ઓન્ટેરિયોમાં તમે કિંમતના લેબલ (ટેગ) પર લખેલી રકમ વત્તા કર ચૂકવો છો. કિમતો ઓછી કરાવવા માટે રકઝક કરવી એ મોટા ભાગના સ્ટોર્સમાં સામાન્ય નથી. કેટલાક એથનીક બજારો અથવા દુકાનોમાં એ શક્ય છે.

જ્યારે તમે ચીજવસ્તુની ચૂકવણી કરો, ત્યારે કુલ રકમ પર કર ઉમેરાશે. મોટે ભાગે, કિંમતના 13% જેટલો કુલ કર હોય છે. 13% માં 5% ફેડરલ ગુડ્સ અને સર્વિસ ટેક્સ (GST) અને 8% પ્રાંતિય સેલ્સ ટેક્સ (PST) નો સમાવેશ થાય છે.

તમે ખરીદેલી બધી ચીજો પર GST ચૂકવવો પડતો નથી, જેમકે મૂળભૂત કરિયાણાં અને ડોક્ટર દ્વારા સૂચવાયેલી દવાઓ પર. જો તમે રેસ્ટોરન્ટમાં દારુ મંગાવો, તો 10% નો દારુ કર પણ ઉમેરાશે.

## કર ક્રેડિટો

### માલ અને સેવાઓના કર (GST CREDIT) માં ક્રેડિટ

GST કેનેડામાં વેચાતા મોટા ભાગના માલો અને સેવાઓ પર ચૂકવાતો કર છે. GST/HST ક્રેડિટ ઓછી અને મધ્યમ આવકોવાળા વ્યકિતઓ અને કુટુંબોને દર 3 મહિને કરાતી કર-મુકત ચૂકવણી છે. તેઓ જે GST અથવા HST ચૂકવે છે એનો બધો અથવા અમુક અંશ એ પરત કરે છે.

ક્રેડિટ મેળવવા માટે, તમે 19 વર્ષ કે તેથી વધુ વયના, કેનેડાના નિવાસી હોવા જોઇએ. જેવો તમને તમારો સામાજીક વીમાનો નંબર મળે કે તરત જ ક્રેડિટ માટે અરજી કરો. GST/HST ચૂકવણીઓ મેળવવા તમારે દર વર્ષે આવક કર અને લાભનું રીટર્ન ફાઇલ કરવું પડે છે.

તમે વધુ માહિતી ‘GST માહિતી લાઇન’ને **1-800-959-1953** પર ફોન કરીને મેળવી શકો છો.

### કેનેડા બાળ કર લાભ (CCTB)

જો તમારા બાળકો 18 વર્ષથી ઓછી વયનાં હોય, તો તમે કેનેડા બાળ કર લાભ (CCTB) મેળવવાને પાત્ર બની શકો છો. CCTB એ કેનેડિયન સરકાર તરફથી થતી માસિક ચૂકવણી છે જે બાળકોનો ઉછેર કરવાના ખર્ચમાં મદદ કરે છે.

તમે અરજી ફોર્મ કેનેડા કસ્ટમ્સ અને રેવન્યુ એજન્સીની (CRA) વેબસાઇટ **www.settlement.org/FD/20** પરથી મેળવી શકો છો. જેવા તમે આવીને તમારા નવા ઘરમાં ઠરીઠામ થાઓ કે તરત જ તમારે CCTB માટે અરજી કરવી જોઇએ.

તેઓ ચૂકવણીની રકમ તમારા બાળકોની સંખ્યા, તેમની વય, જે પ્રાંતમાં તમે રહો છો, અને છેલ્લાં 3 વર્ષોમાં તમારા કુટુંબની ચોખ્ખી દુનિયાભરની આવક પર આધાર રાખીને નક્કી કરે છે.